


# મહાયોગી આનંદઘન

લેખકઃ- વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ

॥ श्री शत्रुंजय महातीर्थाय नमः ॥

મહા યોગી

# આનંદઘન

卐


લેખક :

શ્રી વસંતલાલ કાન્તીલાલ ઈશ્વરલાલ


卐


પ્રકાશક :

શા. જસવંતલાલ સાંકળચંદ

પ્રાપ્તિસ્થાન :

૧. **શ્રી વસંતલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ**
શાકુન્તલ માનવ મંદિર રોડ
મલબાર હિલ **મુંબઈ નં.-૬**

૨. **શા. જશવંતલાલ સાંકળચંદ**
એટલાસ એજન્સીઝ
૫૦૮૨/૨ ગાંધીરોડ, અમદાવાદ-૧

સર્વહક્ક લેખકને સ્વાધીન

પ્રથમ આવૃત્તિ
વૈશાખ સુદ ૩ ને શનિવાર તા. ૨૩-૪-૬૬

**કિંમત રૂ [illegible]**

[illegible] રૂા [illegible]

મુદ્રક :
**શ્રી કાન્તિલાલ સોમાલાલ શાહ**
સાધના પ્રીન્ટરી, ઘીકાંટારોડ અમદાવાદ.

# પ્રવેશ

આજે આ પુસ્તિકા વાંચતાં આપને એક એવા મહાયોગીનો પરિચય થશે જેની ગોદની હુંફમાં આપને આપનું પ્રાણ તત્ત્વ મળશે. આપની સાધના મળશે.

આજે દુનિયાને સૌથી વધુ જરૂર કોઈ રાજકારણના નેતાની કે તાર્કિક મહામહોપાધ્યાયની નથી, ના. આજે જરૂર કોઈ વૈજ્ઞાનિકની પણ નથી કે નથી કોઈ રંગદર્શી કવિની. કોઈ ઉદ્યોગપતિની પણ જરૂર નથી. કે કળાકારની નથી આ બધા ચારે બાજુ જોઈએ છીએ અને દુનિયા જેવી છે તેવી રહી છે. આજે જરૂર છે તે આનંદઘનજીની. માત્ર એક આનંદઘનજી તમારી ને મારી વચ્ચે ઉતરશે અને દુનિયાનું દુઃખ દુર્ભાગ્ય અને દરિદ્રતા નાસી જશે. કારણ આનંદઘનજી અવતરશે તો સારી શ્રીમંતાઈ ઉતરશે. આંતરશક્તિઓનું પૂર્ણ પ્રાગટ્ય થશે. **ચિદાનંદની મોજ ઉછળશે !**

આનંદઘનજી ખરેજ, આપણા માટે મોજશોખ (Luxury) નથી, પણ પ્રાથમિક જરૂરિયાતની વસ્તુ (Prime necessity) છે. કારણ આપણે માત્ર હવા પાણી પ્રકાશથીજ નથી જીવતાં પણ આનંદથી જીવીએ છીએ.

આજે જ્યારે હતાશ દુનિયાના ભાવિ સામે અણુબોમ્બ ડોળા કાઢી ઘૂરકી રહ્યો છે ત્યારે આપણે એવા કશાનું સર્જન કરવું જોઈએ જે અણુબોમ્બ, હાઈડ્રોજન બોમ્બ કે ન્યુટ્રોન બોમ્બને સચોટ જવાબ આપી શકે અને આપણી ખોયેલી સુખ સગવડ શાંતિ પાછી આપી શકે, તેવું સર્જન એક જ છે આનંદઘનજીનુ, આનંદઘનજી એક અધ્યાત્મ બોમ્બ છે. અને અણુબોમ્બનો જવાબ કેવળ અધ્યાત્મ બોમ્બ જ આપી શકે !

ફરીને કહું છું કે આજે દુનિયાને માત્ર એક આનંદઘનની જરૂર છે. અને દુનિયાના દુઃખ દૂર થશે. દુનિયાનું દારિદ્રય દૂર થશે. દુનિયાનું દુર્ભાગ્ય દૂર થશે. માણસ સાચા અર્થમાં શ્રીમંત બનશે.

આજે જ્યારે મુઠ્ઠીભર કરોડપતિઓ અને અબજપતિઓના હાથમાં જનસમૂહના જીવનનો દોર આવી ગયો છે ત્યારે એક એવા શ્રીમંતની વાત અમે આ પુસ્તકમાં રજુ કરીએ છીએ જેની પાસે રાતી પાઈ ન હોવા છતાં જેની શ્રીમંતાઈનો કોઈ પાર ન્હોતો—જેના મળમૂત્ર અને કફમાં પત્થરમાંથી સોનું બનાવવાની સિદ્ધિ હોવા છતાં જેને માટે સોનું હમેશાં પત્થર હતું. આવા શ્રીમંતનો પરિચય આપવા પાછળ અમારો હેતુ એ છે કે આપણે એ સમજીએ કે પૈસા વિના પણ શ્રીમંત થઈ શકાય છે અને ખરી શ્રીમંતાઈ તેજ છે.

આનંદઘનજી વિશે લખવું તે ચોમાસાના તોફાની સમુદ્રને સાણસીથી પકડવા જેવું છે કે અરૂણોદયની લાલીને શીશામાં પુરવા જેવું છે. તેમને વિશે લખતાં ખરૂં પૂછો તો કલમ ધ્રુજે છે. એ તો નવદંપતિના શયનખંડમાં ડોકિયું કરવા જેવી ધૃષ્ટતા લાગે છે. એક મહાયોગીની આત્મમસ્તી વિશે વીસમી સદીનો તુચ્છ લેખક લખી પણ શું શકે?

છતાં આનંદઘનજી મારૂં નાનપણથી પ્રિયપાત્ર રહ્યા છે. તેઓની સાથે એકાંતના કલાકો મેં ગાળ્યા છે. તેમની આંગળીએ કેટલાય અજાણ્યા પ્રદેશો ફર્યો છું. કેટલાય દિવસો એવા ગયા છે જ્યારે મેં કોઈની સાથે કશી પણ વાતચીત ન કરતાં માત્ર આનંદઘનજી સાથે જ હૃદય ખોલ્યું છે. મને લાગે છે કે તેમની ભવ્યતા જોઈ મારા આંખમાં જેટલીવાર હર્ષાશ્રુ આવ્યા છે તેટલું હું ક્યારેય કોઈ માટે રડ્યો નથી. તેથી જ આનંદઘનજી વિશે આ પુસ્તક બહાર પડે છે ત્યારે મને લાગે છે કે એક મહાયોગી સાથેનો મારો પવિત્ર સંબંધ કોઈ જાહેર પ્રદર્શનમાં આવે છે અને તેથી મને ક્ષોભ પણ થાય છે. છતાં ક્યારેક ન ગમતું પણ કરવું તે પણ જીવનની એક ઇચ્છનીય તાલિમ છે સાધનાનો એક ભાગ છે.

આનંદઘનજી, અનુપમાદેવી અને મહારાજા કુમારપાલ આ ત્રણે મારી સ્વપ્ન સૃષ્ટિની પ્રેરણામૂર્તિ છે. એ ત્રણેને આ ચરિત્રિદેવીનું હું પરમસૌભાગ્ય સમજું છું.

આશા રાખું છું આ દુનિયામાં આનંદઘનજીની આજે

કેટલી જરૂર છે તે આપણને આ પુસ્તિકા વાંચતાં સમજાશે. અને ખરી જરૂર ઊભી થશે તો જરૂર પુરી થશે જ—Law of Demand and Supply—એ. લૉ ઓફ ડીમાન્ડ અને સપ્લાઈ નિસર્ગનો એ નિયમ કહે છે કે જ્યાં જે વસ્તુની ખરી જરૂર ઊભી થાય છે ત્યાં તે વસ્તુ કુદરત પહોંચતી કરે છે.

તો પ્યારા વાંચક ! હવે આવે છે આનંદઘનજીની મુલાકાત.

| | |
|---|---|
| વૈશાખ સુદ ૩<br>૨૩–૪–૬૬<br>શાકુંતલ<br>માનવમંદિર રોડ<br>**મુંબઈ–૬.** | **શ્રી વસંતલાલ કાંતીલાલ ઈશ્વરલાલ.** |

# શ્રી વસંતલાલ કાન્તિલાલના પુસ્તકો

*

૧. **સુખ ઉપર સંશોધન** : પ્રસ્તાવના : કાકા કાલેલકર.

૨. **ક્ષમા** : પ્રસ્તા. : પંડિત શ્રીસુખલાલજી

૩. **જીવન જીવવા જેવું છે** : પ્રસ્તા. મુનિ શ્રી ચિત્રભાનુ

૪. **વાચક જસની અનુભવવાણી** : (૨જી આવૃત્તિ)
પ્રસ્તા. શ્રી વિજયધર્મસુરીજી

૫. **ઉત્પત્તિ અને લય** : પ્રસ્તા. સ્વા. પ્રસન્નીચંદ સુરચંદ
બદાણી. ચીફ જસ્ટીસ
સ્મોલ કોઝ કોર્ટ.

૬. **સ્વાનુભૂતિ** : પ્રસ્તા. શ્રી રવિશંકર મહારાજ

૭. **સંસાર** : પ્રસ્તા. શ્રી મુનિ ચિત્રભાનુ

૮. **જીવનશિલ્પ** : પ્રસ્તા. પં. શ્રી કીર્તિવિજયજી

૯. **સાધના** : પ્રસ્તા. શ્રી. શાંતિકુમાર ભટ્ટ.

૧૦. **કરૂણા** :

૧૧. **મંત્રાધિરાજ** : પ્રસ્તા. પં. પૂ. ભદ્રંકરવિજયજી

૧૨. **શ્રમણ અને સુંદરી** :

૧૩. **દર્શના** :


૧૪. **સાપેક્ષાવાદ** : પ્રસ્તા. શ્રી પુણ્યવિજયજી

# શ્રી વસંતલાલ કાંતિલાલના અંગ્રેજી પુસ્તકો

*

ત્રણ મહાન દેશના ત્રણ મહાન પ્રમુખો સ્વ. કેનેડી, ડૉ. રાધાકૃષ્ણ અને નાસરે જેમના અંગ્રેજી પુસ્તકોની પ્રશંસા કરી છે તે નીચેના પહેલા બે પુસ્તકો છે.

૧. લાઈફ ઈઝ વર્થ લીવીંગ: પ્રસ્તા. શ્રી મોરારજી દેસાઈ.
૨. કોસ્મીક ઓર્ડર: પ્રસ્તા. મહારાષ્ટ્રના માજી ગર્વનર.
૩. ઈન્સ્પીરેશન એન્ડ એસ્પીરેશન: પ્રસ્તા. ડૉ. ગોપાલ રેડ્ડી.
૪. રીસર્ચ ઓન હેપીનેસ: પ્રસ્તા. શ્રી કાકા કાલેલકર.
૫. વોટ ઈઝ જૈનીઝમ:



# પ્રકરણ ૧ લું

## આનંદઘનજીની જીવનરેખા

શ્રીમદ્ આનંદઘનજી મહારાજ કાશીના કોઈ મહામહોપાધ્યાય કે તાર્કિકશિરોમણિ નહોતા. નહોતા તેઓ કોઈ લોકલાડીલા નેતા. તેઓ કોઈ રાજગુરુ પણ નહોતા અને શિષ્યોની જમાત ભેગી કરનાર 'ગુરુ' પણ નહોતા. તેઓ તો હતા એ ઋષભ પ્રીતમની પ્રિયા; જેની નમણી પાંપણમાં વિરહનું આંસુ ચમકી રહ્યું હતું. તેઓ તો હતા એ 'કંચન વરણા નાહ'ની —એ સોનેરી કંથની કાન્તા—એ ભુવન સમ્રાટની હૃદય-રાણી. તેઓ સમર્થ ઉપદેશક નહોતા—માત્ર ઉપાસક હતા.

એ આનંદઘનજીનો જ્યારે જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે ભુરા પહાડોની વેરાન પગદંડીમાં ઘૂમતા—જંગલના વૃક્ષેવૃક્ષ સાથે માથું અફાળી હાથ જોડી પ્રિયતમનો પત્તો આપવાની દર્દભરી આજીજી કરતાં અને ચાંદની રાતે "પ્રકાશ—પ્રકાશ"ની ચીસ નાખતા મસ્ત પાગલનું કલ્પનાચિત્ર ખડું થાય છે. ક્યારેક એક સોનેરી ચંપાનું ફૂલ જોઈ પ્રિયતમની યાદમાં રડી

પડ્યા હશે અને આ કાળમીંઢ પત્થર પાસે ધમકી આપી હશે કે—ઋષભદેવ નહિ મળે તો આ ખીણમાં કૂદી પડીશ. બિચારો કાળમીંઢ પત્થર પણ આ વિરહ દર્દ જોઈ મીણ અને માખણ જેમ પીગળી ગયો હશે. તેમનું જીવન એક અખંડ પ્રાર્થના હતી જેનો પ્રધાન ધ્વનિ હતો—"હું તને ચાહું છું–માત્ર તને ચાહું છું."

તેમની અદ્‌ભુત ઉપાસનાનું–પ્રણય સાધનાનું લક્ષ્ય હતું અનુભવ. આથી જ તેમના પદોમાં તેઓ વારંવાર આ અનુભવ શબ્દનો પ્રયોગ કરે છે.

**"અનુભવ હમ તો રાવરી દાસી"**
**"અનુભવ તું હય હેતુ હમારો."**
**"અનુભવ નાથકું કયું ન જગાવે"**
**"સોહાગણ જાગી અનુભવ પ્રીત"**
**"અનુભવ તું હૈ મિતે હમારો"**

વગેરે.

અનુભવ એટલે ચેતનાનો પૂર્ણ ચેતનમાં પૂર્ણ પ્રવેશ. પહેલા પ્રવેશ પછી પરિણમન પછી પૂર્ણતાનું પૂર્ણ પ્રાગટ્ય.

એક બંધનરહિત અલખ અકળ અગમ તત્ત્વ છે તેનો સમગ્રતાથી પ્રત્યક્ષ પરિચય–તેનું જીવતું જાગતું પ્રચંડ સંવેદન તે અનુભવ છે. હું ખાઉં છું, બોલું

છું, હરૂંફરૂં છું એ વાતની જેમ મને ઊંડી નિઃશંક પ્રતીતિ છે તેનાથી કોટિગણી પ્રતીતિ પરમાત્વ તત્વની થાય છે, તે અનુભવ છે. અનુભવમાં પ્રતીતિ ઉપરાંત ઘણું જ છે. અમાપ ઐશ્વર્ય, અખૂટ માધુર્ય અને અનુપમ સૌંદર્યની અનુભવમાં માત્ર પ્રતીતિ નથી. એ અનંત ત્રિપુટીનું માત્ર દર્શન જ નથી–સ્પર્શન પણ છે–તેનામાં નિમજ્જન પણ છે; તેની સાથે એકીકરણ છે.

માનવ જીવનનું–સૃષ્ટિ સંચાલનનું–આ સમગ્ર હોવા-પણાનું ચરમ લક્ષ્ય એ અનુભવ છે. અનુભવ તે દિવ્યતાનું માનવભૂમિ ઉપર અવતરણ છે.

આનંદઘનજીએ આ પ્રણય સાધના કઈ રીતે કરી? હોમહવન કરીને? નાળિયેર ચોખા ચઢાવીને? પ્રદક્ષિણાઓ અને ઘંટનાદ કરીને? શાસ્ત્રના વાદવિવાદ કરીને? સભા સરઘસોની ધામધૂમ મચાવીને? તેમની સાધનાનો પ્રકાર હતો આંસુઓનો. વિરહનાં આંસુ વહાવવા તે તેમની સાધના હતી. પ્રીતમની યાદ અને એ યાદ આવતાં આંસુ એની મેળે વહી જાય. અટકાવવા જાય તો પણ અટકે નહિ. એ આંસુ જ તેમનો ઉપવાસ હતો. મંદિરની પૂજા હતી, પ્રાર્થના હતી, સ્વાધ્યાય અને ધ્યાન હતું.

વાનર જુથમાંથી વાનર બચ્ચું જેમ જુદું પડે અને

ધ્રૂજે તેમ તેઓનો દેહ પ્રિયતમની વિરહ વેદનાથી ધ્રૂજતો હતો.

"થરથર ધ્રૂજે દેહડી મારી,
જીમ વાનર ભરમાહ રે."

ઈશ્વર માત્ર ત્યાં અદૃશ્ય કલ્પના જ નથી, હવાઈ ધુમ્મસ જ નથી, રંગીન તરંગમાળા જ નથી, ધાર્મિક ઝઘડાઓનું ઓઠું જ નથી, ઈશ્વર ત્યાં જીવન સંગાથી છે. ઈશ્વરના એ પરમસત્યનો સતત સહવાસ પ્રાણજીવક દ્રવ્ય બની રહે છે.

હવા પ્રકાશ પાણી જેવી જ જીવનની સૌથી વધુ પ્રાથમિક જરૂરીયાત ઈશ્વર બની રહે છે. ઈશ્વર ત્યાં શ્વાસોશ્વાસ જેવો અનિવાર્ય બની રહે છે. આજે આપણી સ્થિતિ ધુમ્મસમાં ખોવાયેલ એરોપ્લેન જેમ છે. જેને કંટ્રોલીંગ ટાવર સાથે રેડિયો સંપર્ક ખોઈ દીધો છે. ઈશ્વરથી આપણે સદંતર વિખુટા પડી ગયા છીએ.

જીવનમાં ઈશ્વરને લાવવાની વધુમાં વધુ જરૂર આજે છે ત્યારે એ આનંદઘનજીને યાદ કરીએ જેમને એ પ્રિતમની યાદ આવતાં જ અફાટ રૂદન કર્યું હતું. એ રૂદનથી સૃષ્ટિનો વૈભવ વધ્યો હતો, અધ્યાત્મનું ગૌરવ વધ્યું હતું. કારણ એ રૂદન તૃષ્ણાજન્ય નહોતું. તૃપ્તિ

જન્ય હતું. નિરાધાર સંસારીનું નહોતું, આત્મ પ્રતિ-ષ્ઠિત યોગીનું હતું. કાયરનું નહોતું. મોટા વીરનું હતું.

તેમના જીવનમાં એવી પણ પળ આવી હશે જ્યારે તેમને થયું હશે કે ઋષભ વિના–પૂર્ણ ચેતનના આત્મ-વિલાસ વિના હવે તો એક ક્ષણ પણ નહિ જીવાય. અને તેઓએ ગાયું.

**"આનંદઘન પ્રભુ વૈદ્ય વિયોકો કિમ જીવે મધુમેહી."**

વિરહનો આટલો ઉત્કટભાવ પ્રકૃતિ પણ ઝીલી શકતી નથી. પ્રકૃતિને પણ ત્યાં નમતું મુકવું પડે છે.

મધુમેહનો દર્દી વૈદ્ય વિના જીવી શકતો નથી તેમ હે પ્રભુ! હું તારા વિના હવે જીવી શકું તેમ નથી. આનંદઘનનું આ એક આંસુ ઝીલવાની તાકાત સમગ્ર પ્રકૃતિના રાજતંત્રમાં પણ નહોતી. પ્રકૃતિનું તંત્ર પણ આ રૂદન જોઈ ધ્રૂજી ઊઠયું હશે અને આનંદઘનજીને છાતી સરસા ચાંપી દીધા હશે.

પ્રિયજનને મળવું કવિતા અને નવલકથામાં કેટલું સસ્તું ને સહેલું છે. જીવનની નક્કર ધરતી ઉપર ચાલનારને ખબર છે. પ્રીતમની યાદમાં કેટલા કેટલા આંસુઓ વહેવડાવવાં પડે છે. માથાના વાળ પીંખી

નાખી કેટલી કેટલીવાર જમીન ઉપર નાક ઘસવું પડે છે–હાડમાંસ સુકવી નાંખવાં પડે છે. ત્યારે ખબર પડે છે કે પ્રણય જેટલું ગુલાબી કાવ્ય મનાય છે તેટલું નથી. તેમાં તો યુદ્ધનો રક્તરંગ વિશેષ છે. 'ઋષભ' શબ્દ બોલતા આનંદઘનજીનો સ્વર કંપતો હશે, દેહ ધ્રૂજતો હશે, માથુ અને છાતી છૂપા ડૂસકાંથી હચમચી ઊઠયાં હશે. એવું પ્રચંડ એ પ્રણય સંવેદન હતું. એવું નીડર એ પ્રેમયુદ્ધ હતું. આનંદઘનજી એટલે અનંત પ્રતિક્ષા.–વધુ સાચું કહીએ તો અગણિત આંસુઓ ભરી અનંત પ્રતિક્ષા. પરદેશ ગયેલા પતિ માટે નવોઢા ઉંબરા ઉપર બેસી જેટલાં આંસુ ઢાળે તેથી કાંઈ વિશેષ આંસુ આનંદઘને પાડયાં હશે; કારણ તેનો પ્રીતમ પરદેશ ન્હોતો. અંતરમાં દૂર સુદૂર ખોવાયેલો હતો. તેનો પ્રીતમ સશરીરી નહોતો, અશરીરી હતો.

આનંદઘનનો પ્રીતમ માટીનું રમકડું નહોતો. જ્યોતિર્મય ચેતન હતો. જે સ્થળ કાળને ભેદીને શાશ્વત અનંતતામાં વ્યાપેલ હતો.

વધુ કીમતી વસ્તુ મેળવવા વધુ મોટું બલિદાન જરૂરી છે. કાચની બંગડી બેચાર આનામાં આવે. રત્નજડિત કંકણ બહુમૂલ્ય છે.

વિરહનું દર્દ પરાકાષ્ઠાએ પહોંચ્યું ત્યારે મિલન

આવ્યું. પ્રતિજ્ઞા ફળી, નિસર્ગનો એ મહા નિયમ છે કે "Pay the price" મૂલ્ય ચુકવો અને વસ્તુ તમારી છે, સત્ય ચોરાતું નથી. નથી સત્ય ઉધાર મળતું, કે નથી સસ્તું મળતું. સત્યની યથાર્થ કિંમત ચૂકવો અને સત્ય તમારૂં છે. સત્ય કયાંકથી તોડીને પોસ્ટની સ્ટેમ્પ જેમ કપાળ ઉપર ચીટકાડાતું નથી પણ અંતરમાં ઉગાડવું પડે છે. સત્ય બહારથી અંદર નથી જતું પણ અંદરથી બહાર આવે છે. અકથ્ય વેદનાભર્યા વિરહ પછી મિલનની આનંદ પળો આવી. મિલનની આ પ્રથમ પળોએ તેઓ આનંદ વિભોર બની ગાઈ ઊઠ્યા.

**"સાધુભાઈ જબ અપના રૂપ દેખા.**
**..............આનંદઘન પ્રભુ પરચો**
**પાયો ઉત્તર ગયો દિલ ભેખા."**
**"મેરે ઘટ ગ્યાન ભાનુ ભયો ભોર–**
**ચેતન ચકવા ચેતના ચકવી ભાંગો**
**વિરહકો સોર.**
**..............આનંદઘન એક વલ્લભ**
**લાગત ઓર ન લાખ કિરોર."**

વિગેરે.

વિરહ પછી મિલન આવ્યું. અનુભવ થઈ ચુક્યો, પિયુ પિયા એક થઈ ગયાં. શયનખંડનું બારણું વસાઈ

ગયું. સાધુપદ પણ હવે નાનુ પડયું. "ઉતર ગયો દિલ ભેખા." શાસ્ત્રની પેલી પારનો સામર્થ્ય યોગ પ્રગટ્યો. નદી પાર કરી પછી કયો બેવકુફ ગામની શેરીમાં હોડી માથે લઈ ફરે? 'દુલ્હા દુલ્હન મિલ ગયા સુની ભઈ બારાત.' ધર્મ ને શાસ્ત્ર વિખેરાઈ ગયા. આત્મા તેની અનંત એકલતામાં ખુલ્લો ઊભો રહ્યો. શાસ્ત્ર અને સાધના પણ માંદાની લાકડી જેવાં છે. સશક્ત યુવાન તેને ફેંકી દે છે. ગુરૂ પણ વિદાય લે છે. આત્મતત્ત્વોમાં જ ગુરૂપદનો ઉદય થાય છે એમ યશોવિજયજી જ્ઞાનસાગરના ત્યાગાષ્ટકમાં લખે છે. પ્રીતમની છાતી ઉપર પ્રિયાનું મુખ ઢળી ગયું. ધર્મ સાધનામાં આવા પ્રણય યોગ જેવું માધુર્ય જોઈએ. આજે ધર્મ સાધનાને અહંકેન્દ્રી બનાવી આપણે જટિલ ને કુટિલ બનાવી દીધી છે. સાધનાના કેન્દ્રમાં હું પદ નહિ પણ તું પદ જોઈએ.

તમે શું વિચારમાં છો? શ્રીમદ્ આનંદઘનજીની જન્મ તારીખ અને જન્મ સ્થળ આ લેખમાં શોધો છો? તેમના માતપિતાનું નામ અને કુલપરંપરા આ લેખમાં શોધો છો? આનંદઘનજી વિષે ઐતિહાસિક સામગ્રી બહુ મળતી નથી. પણ તે બધાની બહુ જરૂર પણ નથી. જે મહાપુરુષે સ્થળકાળ અને નામરૂપની ક્ષુદ્ર મર્યાદાઓ ઓળંગવા વિરાટ પગલું લીધું તેને સ્થળ-

કાળના લોહપીંજરમાં પુરવાની ધૃષ્ટતા હું નહિ કરૂં. સાધનાના પ્રચંડ દાવાનળમાં નામરૂપનું જીર્ણ ક્ષીર્ણ પાંદડું તેમને બાળી નાખ્યું હતું. સંસારીનું વંશવેલી અને ભવપ્રપંચમૂલક નામરૂપ તેમના ન મળે તોય સાધકને બહુ નુકશાન નથી. જ્યાં જ્યાં ઇંદ્રિયો અને કષાયોનું ઉન્મૂલન કરવા પરાક્રમી આક્રમણ છે. જ્યાં જ્યાં સાધક ઇંદ્રિયરામી મટીને આતમરામી બનવાનું મહા તપ આચરે છે—જ્યાં જ્યાં સીમિત તેની સીમાઓ નિઃસીમ તત્ત્વોમાં ગુમાવે છે—જ્યાં જ્યાં હદનું વિસર્જન બેહદના સર્જનમાં છે—ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે આનંદઘનનો જન્મ થાય. આનંદઘનજીના સાચા વાસ્તવિક જન્મ સ્થળ અને જન્મ તારીખ છે.

**મેરે પ્રાન આનંદઘન તપ આનંદઘન**
**માત આનંદઘન તાત આનંદઘન.**

આ પદ ગાનાર મસ્ત ચેતનાના અઠંગ ઉપાસકને સંસારિક અસ્તિત્ત્વની નોંધપોથીમાં કોણ જકડશે? છતાં પણ તેમને વિષે એટલું જાણવા મળે છે કે તેઓ અઢારમી સદીમાં થયા હતા. તેમનું સાધુજીવનમાં પ્રથમ નામ લાભાનંદ હતું. તપગચ્છીય હતા. યશોવિજયજી, સત્યવિજયજીના સમકાલીન હતા.

શ્રીમદ્ આનંદઘનજી મહારાજ શ્વેત રંગનું વસ્ત્ર

પહેરતાં કે પીળા રંગનું તે મારે મન મહત્ત્વનું નથી. આનંદઘનજી એકલવિહારી હતા કે નહિ તે પણ મારે મન મહત્ત્વનું નથી. આનંદઘનજી કયા ગચ્છના હતા અને દેવવંદન પડિલેહણ કેવી રીતે કરતા તે પણ મારે મન તેમને માટે મહત્ત્વનું નથી.

કારણ તેઓની સૃષ્ટિમાં પ્રેમ જ સર્વસ્વ હતો. પ્રેમનું લક્ષ્ય પણ ત્યાં પ્રેમ જ હતું. પ્રેમ કરીને તેઓ પ્રેમ જ મેળવવા માગતા હતા.

પ્રીતમ તેનો વિશ્વાસ જ નહોતા, શ્વાસ હતા. આવા સ્થૂલ માપદંડથી તેમની લંબાઈ પહોળાઈ માપવાને બદલે તેમનું ઊંડાણ જોવું રહ્યું. પ્રિય મિલનની એવી કક્ષા તેમણે મેળવી હતી કે તેઓ જે બોલતા તે શાસ્ત્ર બનતું, તેઓ જે કરતાં તે તપોમય અનુષ્ઠાન બનતું.

આનંદઘનજીના દિવ્ય સંભોગ (Spiritual Intercourse) ના અબાત્મિક નશાથી વૃક્ષો પણ ડોલી ઊઠ્યાં હશે. એ તીક્ષ્ણ પત્થરો પણ રોમાંચિત થયા હશે. વિશ્વનો ઇતિહાસ નવું ઊંડાણ પામ્યો હશે. સંસારના પરમ સૌભાગ્યનો નવો અધ્યાય ખુલ્યો હશે.

આનંદઘનજીના આંસુમાં પૂર્વે લખ્યું તેમ પ્રચંડ પુરુષાર્થ હતો. તે અશ્રુધારામાં દ્રવ્યાનુયોગનું ગણિત હતું. પુરુષાર્થનું સંગીત હતું. એ અશ્રુમાં સંસાર

સ્વરૂપનું ભાન હતું. સ્વ-પરના ભેદ વિજ્ઞાનનું અંકગણિત હતું. તેમના આંસુથી તૈયાર થયેલ આંખ જ તો પિયુની પથારી સુધી પહોંચી, તેમનું એક એક આંસુ મોહની રાજધાની ઉપર અધ્યાત્મ બોમ્બ જેમ પડ્યું. આજે પોલા હાસ્યની સૂમસામ દુનિયામાં આનંદઘનજીના એ એકાદ આંસુની કેટલી જરૂર છે ?

આજે આપણે "જન રંજન" પાછળ પડ્યા છીએ. આનંદઘનજી મહારાજ 'પતિરંજન' પાછળ પડ્યા હતા અને તે પતિરંજન માત્ર પોથી પંડિતના શુષ્ક અનુષ્ઠાનથી જ નહોતો કર્યો પણ માત્ર 'ધાતુ મિલાપ' થી કર્યું હતું.

આથી જ તો તેમણે ગાયું કે,—

**"કોઈ પતિરંજન અતિઘણું તપ કરે**
**પતિ રંજન તન તાવ**
**એ પતિરંજન મેં નવી ચિત્ત ધર્યું**
**રંજન ધાતુ મિલાપ."**

સ્થૂળ જોડાણથી–યાંત્રિક ક્રિયાથી પતિરંજન નહિ થાય. સૂક્ષ્મ મિલાપથી થશે. વિચારોની અશાન્તિ ટાળવી પડશે. તૃષ્ણાનો વંટોળ શમાવવો પડશે. વૃત્તિ, સંસ્કાર, ટેવોનો ઉકરડો જલાવવો પડશે. કલ્પસૂત્રમાં ભગવાન માટે લખેલ વિશેષણ

**સન્તે પસન્તે ઉવસન્તે—**

આન્તર, બાહ્ય ઉભય રીતે શાન્ત થવું પડશે. એ જ પ્રભુની ધાતુ છે. બે ધાતુ કઠણ હોય તો મિશ્રણ ન થાય. એકરસ થવી જોઈએ; ઓગળવી જોઈએ. વિજાતીય કઠણ તત્ત્વોને વીણી વીણીને ચેતના ફુંકી મારે છે ત્યારે ચેતન સાથે ધાતુ મિલાપ કરવા જેટલી તે નરમ થાય છે.

પ્રભુની પ્રભુતા પિછાનવી પડશે. આશય શુદ્ધિ કરવી પડશે, સમર્પણ કરવું પડશે. ધાતુ મિલાપનું આ રહસ્યમય કોષ્ટક છે.

આખરે જ્ઞાન પણ ઠીક છે. ક્રિયા પણ ઠીક છે. મહત્ત્વનું છે તે પ્રેમમાં પડવું. પ્રેમમાં પડીને રાતની ઉંઘ ખોઈ દો. દિવસનું ખાણું ખોઈ દો. સમાજનો સંસર્ગ ખોઈ દો. પિયુના સહવાસમાં આડું આવતું ઘાસનું તણખલું પણ તપાવેલ સોયા જેમ ઘોંચાય તે રીતે પ્રેમમાં પડો, પ્રત્યેક ક્ષણ તેની યાદની મધુરતાથી ભરી દો. તેના શયનખંડની નિર્ભેળ મસ્તીની ખોજ માટે ચક્રવર્તીના છ ખંડ પણ જતા કરો. આટલું આવડે તો તમે જ આનંદઘન છો; પતિરંજનનું બીજ તમે. ગર્ભાધાન કર્યું છે. નિર્વિકાર નિરાગદશામાં જ ધાતુ મિલાપ શક્ય છે.

શ્રીમદ્ આનંદઘનજીના જીવનનો એ સંદેશ છે કે ઋષભદેવના પ્રેમમાં પડો. પૂર્ણચેતનામાં ખોવાઈ જાવ. પ્રીતમનો પ્રેમ નહિ હોય તો કોઇ જ્ઞાન તમારી મદદે નહિ આવે. કોઈ અનુષ્ઠાન તમને આગળ ચલાવી નહિ શકે.

ઇશ્વરના પ્રેમમાં પડ્યા વિના કોઈ સાધના પાંગરતી નથી; પલ્લવિત થતી નથી; ફળફૂલથી લચતી નથી; એ દિવ્ય પ્રેમ વિના સંયમ શુષ્ક થશે. તત્ત્વજ્ઞાન કાચા પારા જેમ શરીરમાં ફુટી જશે. જ્ઞાનના ઘમંડમાં અને અનુષ્ઠાનની જટિલ ઝાડીમાં અટવાઈ ન જવું હોય તો આનંદઘનજી જેમ ગાવું રહ્યું—

**"ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે**
**ઓર ન ચાહું રે કંત"**

એક નિરૂપાધિક પ્રીત સગાઈ ખોલવી પડશે. જે ખોલતાં મુક્તિ દ્વાર ખુલી જશે. આનંદઘનજીનું મેડતામાં મૃત્યુ થયું. આ મહાયોગીના મૃત્યુ મહોત્સવને આલેખતા કલમ કેમ કંગાળ બને છે? શબ્દોને ભાવ બિચારા બાપડા થઈ જાય છે. સત્યના જ્વલંત વિદ્યુત્ ક્ષેત્રમાં વિચાર શબ્દનો માળો બંધાતો નથી.

**"અબ હમ અમર ભયે ન મરેંગે"**

ગાનાર અમર આનંદઘનજીના મૃત્યુ વિષે લખવું

તે અમર આત્મતત્ત્વની હલકી મશ્કરી છે. ઘોર આશાતના છે.

पूरयन्ति गलयन्ति इति पुद्गला: પૂરવાની ને છુટા પડવાની પ્રક્રિયા જ્યાં સતત છે, તે પરમાણુંઓના સંઘને 'પુદ્ગલ' કહેવાય છે. આ તત્ત્વજ્ઞાનને લોહીના બિંદુ એ બિંદુમાં બુલંદ નાદે ગાજતું કરનાર સમાધિમરણ ન પામે, તો નિસર્ગની વ્યવસ્થામાં કદાચ શંકા થાય. તેમનો આનંદ વાયુ સ્વરૂપ નહોતો. (gas) જે ક્ષણભર અથડાઈને જતો રહે. તેમનો આનંદ પ્રવાહી સ્વરૂપ નહોતો જે (liquid) પત્થરોની રૂકાવ કરતા જુદા જુદા નાના માર્ગમાં ફંટાઈને અદૃશ્ય થાય. તેમનો આનંદ ઘનસ્વરૂપ (solid) હતો, જેની સામે પહાડો ટકરાતા પહાડ તૂટી પડે. જન્મ જરા મરણને તોડી નાખે તેવો ઘનસ્વરૂપ તે આનંદ હતો. આથી મૃત્યુ પણ ત્યાં મહોત્સવ રૂપ હતો.

હે આનંદઘનજી હે મહાયોગી! આજે આ આણુબોમ્બોના યુગમાં એક પ્રચંડ અધ્યાત્મ બોમ્બ બનીને તું અમારી વચ્ચે ચાલ્યો આવ! હે સિંહ! હે ગરુડ! આ ઉંદર છછુંદરની અમારી તુચ્છ દુનિયામાં નવી સમૃદ્ધિને નવી સુખશાંતિ લઈ આવીને અમારી વચ્ચે ચાલ્યો આવ! નામ સ્થાપના અને દ્રવ્ય

અધ્યાત્મની ભોળી છેતરપીંડીમાં આ જુઠી યોગમાયામાં મૂર્ખ બનેલા અમારી વચ્ચે હે યોગીરાજ ! ભાવ અધ્યાત્મ બનીને તું ચાલ્યો આવ !

શ્રીમદ્ આનંદઘનજીના પદ અને સ્તવનો ઉપર શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ ટબ્બો લખ્યો છે તેથી જ તો શ્રીમદ્‌ની માર્મિક ગહન વાણીનું આછુંપાતળું પ્રતિબિંબ આપણે ઝીલી શકીએ છીએ. તેથી જ તો આનંદ-ઘનજીની કૃતિઓનું હાર્દ થોડું કે સમજી શકીએ છીએ.

આનંદઘનજીની સુક્ષ્મ ભાષા આપણી દુનિયાની નથી. નથી તેમના મહાભાવો આપણી સાંકડી શેરીના. તેમની વિરાટ્ ભાવના; જીવન જડવાદના લોખંડી ચોકઠામાં ગોઠવાયેલ અને સિનેમાનાં ગાયનો રસ્તા ઉપર સીટીઓ વગાડતા ગાનાર માટે સમજવી મુશ્કેલ છે–કદાચ અશક્ય છે. નિસર્ગનાં મહાસત્યોની સાથે સીધો સંબંધ જનસમૂહ બાંધી શકતો નથી. વચ્ચે કોઈક દુભાષીયો જોઈએ છે.

આનંદઘનજીની કૃતિઓ નિઃસર્ગનાં સનાતન મહા-સત્યો છે. અપરિપકવ જનસમૂહ માટે તે અસ્પૃશ્ય છે. આથી જ જ્ઞાનવિમલસૂરિજી જેવા કોઈક દુભાષિયાની જરૂર આપણને રહે છે.

શ્રી જ્ઞાનવિમલસૂરીજીએ ટબ્બામાં લખ્યું છે કે

**“ આશય આનંદઘન તણોરે અતી ગંભીર ઉદાર–**
**બાળક બાહુ પસારી જિમ કહે ઉદધિ વિસ્તાર**

આનંદઘનજી અનંતની સંખ્યાનો ગુણાકાર છે, જ્યારે આપણે એક દશાંશ કે પાંચ પચીશાંશ પણ નથી. આનંદઘનજી આનંદમાં જ ઉઠતા બેસતા રહેતા. ચારે બાજુથી આનંદથી ઘેરાયેલા હતા. તેઓ નાસિકા દ્વારા જે પ્રાણવાયુ લેતા તેનું રસાયણીક પૃથક્કરણ કરવામાં આવે, તોય તેમાંથી આનંદ જ નીકળે. તેમની આંખમાં, નાકમાં, હાથની મુઠ્ઠીમાં, પગના તળિયામાં આનંદનું કોઈ મહાકાવ્ય કોતર્યું હતું. આનંદઘનજી આનંદ સ્વરૂપ હતા. આપણે દુ:ખ સ્વરૂપ છીએ. જે કોઈને આપણે સ્પર્શીએ છીએ તે દુ:ખમાં પરિણમન પામે છે. આવડી મોટી મૃત્યુખીણ આપણી અને આનંદઘનજી વચ્ચે છે. તેમની એક એક કૃતિ આપણી પ્લાસ્ટીકની હોજરી માટે ‘ વજન ’ રૂપ છે. ટાયફોડથી પીડાતા માટે જેમ સાલમપાક છે, તેમ. સમુદ્રનું માપ ભલભલા આગબોટના નાવિકો નથી કાઢી શકતા તો બીચારૂં નળ નીચે ન્હાતાં શરદી થઈ જાય તેવું કુમળું બાળક તો કાઢી જ શી રીતે શકે? તેના બે હાથ પહોળા કેટલા થઇ શકે? બુદ્ધિથી આનંદનું રહસ્ય કોણ ખોલી શકે? અનુભવની ચાવી વિના આનંદ-

ઘનજીના રાજખંડમાં કોણ પ્રવેશી શકે ? જ્ઞાનવિમલ-સૂરિજી પાસે તે ચાવી હતી.

શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે **अर्थस्य।** અનંત ધર્માત્મક વસ્તુનો માત્ર એકજ પર્યાય માનવ ઇંદ્રિય ગ્રહણ કરે છે. અને અહંભાવી માનવી એમ માને છે કે વસ્તુના સર્વ પર્યાયોનું જ્ઞાન તેને થઈ ગયું છે. આંબા ઉપરની કેરી જોતાં આપણે કેરીનો માત્ર એકજ રૂપ–પર્યાય–આકાર ગ્રહણ કરીએ છીએ. કેરીના બીજા રૂપરસાદિ અનંત પર્યાયો તે સમયે આપણે ગ્રહણ કરતા નથી–છતાં અહં કહે છે કેરીને હું જાણું છું.

માનવનું ઐન્દ્રયિક–ઇન્દ્રિયોનું અને અનિંદ્રિય (મનનું) જ્ઞાન ખૂબ મર્યાદિત છે. લૂલું લંગડું છે. સત્યનો એવરેસ્ટ જીતવા માટે પ્રજ્ઞા રૂપ તેનસિંગની આવશ્યકતા છે. સત્યની અગણિત બાજુઓ છે. અનંત સ્વરૂપો–અપરિમિત ક્ષેત્રરૂપી છે. મારી મુઠ્ઠીમાં ઝલાય તેટલું જ સત્ય એમ માનવું તે કોઈ રસોઇયો હજામતની ખુરશી ઉપર બેસી કહે હું સયાજીરાવ ગાયકવાડ છું, તેના જેવું છે.

શ્રીમદ્ આનંદઘનજીના ૧૦૮ પદ કે ચોવીશી વાંચવા વિચારવા માત્રથી આનંદઘનજીની સમગ્રતા (Totality) આપણા મનમાં ઉતરતી નથી. માત્ર

તેમનો એકાદ પર્યાય જ પકડાય છે. દ્રવ્યતા તો અનંત ગુણપર્યાય છે. એ ખ્યાલ આનંદઘનજીની કૃતિનો અભ્યાસ કરતાં રાખવો જરૂરી છે. ખરૂં પૂછો તો આ વિશ્વ તે વ્યક્તિની પ્રતિકૃતિ છે.

વ્યક્તિ અનંત છે, તેથી વિશ્વ પણ અનંત છે. દરેકને તેનું પોતાનું વિશ્વ છે. વિશ્વનું દર્શન તેની આંખોએ નક્કી કરેલ છે.

આથી જ સૌના વ્યક્તિત્ત્વ વિકાસ પ્રમાણે આનંદ-ઘનજીની સમજ રહેશે. દરેકના આનંદઘનજી જુદા હશે. તેની કલ્પના પ્રમાણેના, તેની રુચિ પ્રમાણેના–તેનો અંતર્દષ્ટિ, માન્યતા અને પૂર્વગ્રહ પ્રમાણેના. તેના સમાજ પ્રમાણેના.

આ પુસ્તિકામાં પણ પ્રિય વાંચક તેમના એકાદ પર્યાય–અવસ્થાની છાયા માત્ર આવી શકે. સમગ્ર આનંદઘનજીનો નિઃસીમ આત્મવૈભવ, ક્યાંથી આવી શકે? તેમના અરૂપી, અકળ, અલખ પર્યાય પરંપરાના ચૌદ ચૌદ બ્રહ્માંડોને આ ટાંચણીની સોય ઉપર કોણ સમાવી શકે?

કોણ આનંદઘનજીને વીસમી સદીની ફુટપટ્ટીથી માપશે?

દુધ ગંગા અને નિહારિકાઓના માપને કોણ

માઇક્રો મીલી મીટરથી માપશે ? તેમ કરતાં તો વાળ ધોળા થશે પણ જ્ઞાન પકવ નહિ થાય. એ ખ્યાલ આપણે સતત રાખીએ કે આપણે જાણીએ છીએ તેટલા જ માત્ર આનંદઘનજી નથી. આપણી સમજની બહાર પણ સત્યનો અનંત વિસ્તાર છે. વિષય કષાયના ધૂમાડા ભર્યા ચૂલાની પેલી પાર પણ એક દિવ્ય જ્યોતિનું મહાસ્થાનક છે–જેમ અખો કહે તેમ

**" ઝગમગ જ્યોતિ અપાર છે**
**શૂન્યમાં ધૂન લાગી "**

એ અધ્યાત્મની સૃષ્ટિના શિરતાજ આનંદઘનજીને મળવા જતાં પહેલા હૃદયને પૂરેપૂરા અહોભાવથી ભરી દો.

શ્રીમદ્ આનંદઘનજીનું એક સ્તવન જે ભ૦ મહાવીર વિષેનું હતું તે ભંડારી દેવાયું હતું, એમ કહેવાય છે.

સમયજ્ઞ ગીતાર્થ આચાર્યોએ વિશિષ્ટ જ્ઞાનથી જોયું હશે કે તેમનું તે મહાવીર–સ્તવન ઉત્કૃષ્ટ નિશ્ચયનયનું છે, અને અપરિપકવ જનસમૂહનાં બાળ માનસ તેનો અર્થ અનર્થ કરશે.

**" શાસ્ત્ર હે સઘળો ખેદ. "** જેવા શબ્દ પ્રયોગો તે સ્તવનમાં છે.

સ્યાદ્વાદ પરિણતિથી જે પાવન નથી થયા, તેવા તાર્કિક શિરોમણીઓ આ સ્તવનને જડપ્રમાદનું બહાનું બનાવી દેશે તેવો ભય ગીતાર્થ આચાર્યોને લાગ્યો હશે અને તેઓએ ઉચિત પગલું ભર્યું.

આનંદઘનજીએ તેમની કૃતિ બીજાઓ માટે લખી ન્હોતી. તેઓ તો તેમના આનંદમાં ગાતા ગયા. આંબાને મ્હોર જે સ્વાભાવિક ક્રમે પ્રગટે તેમ તેમના હોઠ ઉપર પદ આવતાં ગયાં.

સર્જનના મહાભીષણ આવેગમાં તણાતા તણાતા આનંદની ચીચીયારી તેમનાથી પડાઈ ગઈ અને તેજ તેમની કૃતિઓ બની. તેમની કૃતિઓ તેમણે લખી નથી. તેમનાથી અનાયાસે સર્જાઈ ગઈ છે. તેથી સર્જન વખતે કોઈ વાંચકવર્ગ કે શ્રોતા સમૂહ તેમની આંખ સામે ન્હોતો. આનંદ લોકના અનંત આશ્ચર્યો જોઈ તેમના બે હાથ ઉંચા થઈ ગયા–હોઠ ખુલી ગયા. હૃદય નાચી ઉઠ્યું–અને આ આંખો સ્વાભાવિક પ્રત્યાઘાત કૃતિઓ રૂપે બહાર આવ્યો.

આથી જ જનસમૂહને પાચન ન થાય તેવું ઘણું તેમની કૃતિઓમાં છે. પણ ગીતાર્થ આચાર્યો જાણતા હતા કે દ્રવ્ય ક્ષેત્ર કાળભાવનું ગણિત ક્યાં કેમ ક્યારે લગાડવું.

આથી જ તો લોકહિતાર્થે તે સ્તવન ભંડારી દેવાયું. પણ પાછું તે સ્તવન આકસ્મિક મળી આવ્યું.

આનંદઘનજીની સર્વ કૃતિઓમાં આ તેમની શ્રેષ્ઠ અણમોલ કૃતિ મનાય છે.

ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા આ વિશ્વમાં સત્યને પણ વારંવાર સ્થાન બદલી કરવી પડે છે. અને દ્રવ્ય ક્ષેત્ર કાળભાવનું ગણિત જ્યાં બેસાડે ત્યાં બેસવું પડે છે. તો જ સત્ય તેનાં અનંત મહિમાથી પ્રતિષ્ઠિત રહે છે. તો જ સત્યનો રાજદંડ કાદવની ભૂમિમાં ખરડાતો નથી. આનંદઘનજીએ પણ આજ વાત કહી.

**" વચન સાપેક્ષ વ્યવહાર સાચો કહ્યો**
**વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો "**

પ્રત્યેક સત્ય સાપેક્ષ છે. દ્રવ્ય ક્ષેત્ર કાળભાવના ગણિતથી વીંટળાયેલ છે. આનંદઘનજી માટે જે સત્ય છે; ટોનીક અને વીટામીન છે તે આપણે માટે અસત્ય છે. તે સોમલ છે. સાકર ગમે તેટલી મધુર છે, પણ ડાયેબીટીસ–મધુપ્રમેહવાળા માટે તે અનિષ્ટ છે તેમ. નિર્બળને જે નુકશાન કરે છે–તેજ વસ્તુ સબળને લાભકર્તા છે. ચોરને સિપાઈઓ હાથકડી આપે છે. તેજ સિપાઈઓ રાજાને સલામી આપે છે. તેમ.

★

શ્રીમદ્ આનંદઘનજીની કૃતિઓમાંથી તારવેલ
પંક્તિઓ ઉપર

# સંક્ષિપ્ત વિવેચન

એવી લોકોક્તિ છે કે આનંદઘનજી મહારાજ મહાવિદેહમાં અત્યારે કેવળી થઈ વિચરે છે.

આમાં આપણને આશ્ચર્ય થાય એવું કશું જ નથી. અમને આશ્ચર્ય તો એ થાય છે કે આનંદઘનજી એકાવતારી કેમ થયા અને ચરમદેહધારી કેમ ન થયા? પણ ક્ષેત્રકાળના હીનપ્રભાવથી તેમ કદાચ બન્યું હશે.

તીર્થંકરદેવ પ્રત્યેનો તીવ્રતમ અનુરાગ એકાદ બે ભવમાં કેવલ લક્ષ્મી આપે તેમાં અમને તો કાર્યકારણનો નિયમ જ ક્રિયાશીલ લાગે છે. ઉત્કૃષ્ટ પુણ્ય મહાવિદેહમાં ખેંચીને ન લઈ જાય તો ક્યાં લઈ જાય?

આનંદઘનજીને માગતાં આવડ્યું અને માગીને મેળવતાં પણ આવડ્યું, તેથી જ તીર્થંકરદેવ તેમને માટે કલ્પતરુ, કામકુંભ અને કામધેનુ બની ગયા. તીર્થંકરદેવ દાન આપે તો કેવલ લક્ષ્મીનું જ. શ્રેષ્ઠ પુરુષનું દાન પણ શ્રેષ્ઠ હોય છે. સાદી ને સીધી વાત તો એ છે કે આનંદઘનજીએ તીર્થંકર દેવ સાથેનું

માનસિક અંતર (અંગ્રેજી મેન્ટલ ડીસ્ટન્સ) કાપી નાખ્યું અને તેથી તેમનું તીર્થંકરદેવ સાથેનું ભૌગોલિક અંતર (અંગ્રેજી જ્યોગ્રોફિકલ ડીસ્ટન્સ) પણ શૂન્યવત્ થયું. તેઓને પરિણામે મહાવિદેહ મળ્યું. જરૂર છે તે તીર્થંકરદેવ પ્રત્યેનું માનસિક છેટાપણું દૂર કરવાની. ભૌગોલિક દૂરપણું આપોઆપ દૂર થશે અને તીર્થંકર દેવ નજીક હશે તો સર્વ ઋદ્ધિસિદ્ધિ નજીક છે. જ્ઞાનસારમાં યોગ્ય જ કહ્યું છે કે **पुरस्कृते पुनःतस्मात् नियमात् सर्वसिद्धियः ।** તે હૃદયમાં ધારણ કર્યા તો અવશ્યમેવ સર્વ સિદ્ધિઓ તમારી પૂંઠે પડછાયા જેમ ભમે છે. સંપત્તિ મેળવવાનો ખરો રસ્તો આ છે.

સંપત્તિ મેળવવા માટે કવૈતના શેખની જેમ તેલના કૂવાઓ ખોદાવવાની જરૂર નથી. આગાખાનની જેમ રેસના ઘોડાઓના માલિક બનવાની પણ જરૂર નથી. સર્વ સંપત્તિ મેળવવી હોય તો વીતરાગને હૃદયમાં આગળ કરો અને બીજું બધું તેની પાછળ કરો. આનંદઘનજીએ તેમ કર્યું અને માત્ર બીજા ભવમાં જ કેવળલક્ષ્મી તેમને મળી.

આપણે તો નિકૃષ્ટ સાધના કરી ઉત્કૃષ્ટ ફળ મેળવવા માગીએ છીએ. નિકૃષ્ટતામાંથી ઉત્કૃષ્ટ પ્રગટાવવાના વ્યર્થ ફાંફાં મારનારને મહામૂર્ખશિરોમણીનો ઈલ્કાબ એનાયત કરવો જોઈએ.

માત્ર ઉત્કૃષ્ટમાંથી જ ઉત્કૃષ્ટ પ્રગટશે. પૂર્ણમાંથી પૂર્ણ પ્રગટશે. આનંદઘનજીએ ઉત્કૃષ્ટ સાધના કરી ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવી.

આપણને આશ્ચર્ય થાય છે કે આનંદઘનજી બીજા ભવે મહાવિદેહમાં કેવળી કેમ થયા? કડવા લીમડામાંથી આંબો મેળવવા મથનારની મૂર્ખતા ઉપર આશ્ચર્ય નથી થતું.

કેવલ લક્ષ્મીને કેમ વરી શક્યા તે પ્રશ્ન થાય છે. પુદ્ગલપરાવર્તોની ભેદી ઘટમાળમાંથી પસાર થયા છતાં મોટા ભાગના સાધકો પરમાત્માનું એક કિરણ પ્રગટાવી શકતા નથી ત્યારે આનંદઘનજીનો આ ચમત્કાર આપણને વિચાર કરતા કરી દે છે કે નિમિષમાત્રમાં પરમાત્મામાં તેમનો પ્રવેશ કેમ થયો? આનું એક કારણ અમને એમ લાગે છે કે તેમની સાધના મારીમચડીને ઉભી કરાઈ નહોતી. તેમનો સંયમ શુષ્ક નહોતો. બાહ્ય દબાણથી નહિ પણ આંતરિક આકર્ષણથી તેમની સાધનાને વેગ મળ્યો હતો. બળાત્કારનું કોઈ જખ્મ તેમની સાધના ઉપર નહોતું.

સાધ્ય પ્રત્યેના નૈસર્ગિક આકર્ષણથી તેમની સાધનાને સહજ ગતિ મળી. તેમને સાધના કરવી નહોતી પડી. તેમનાથી સાધના થઈ ગઈ હતી. પ્રેમ કરવો નથી

પડતો થઈ જાય છે—આવી નૈસર્ગિકતામાં જ પ્રેમનું સૌંદર્ય છે; સાધનાનું પણ તેમ જ છે.

કહેવાય છે કે ભવભૂતિ અને કાલિદાસ એક વાર રાતે ચોપાટ રમવા બેઠા. રમતમાં ને રમતમાં રાત પસાર થઈને સવાર પડી.

ચોપાટ ઉપરથી ઉઠતાં ભવભૂતિ બોલ્યો—"મિત્ર ! ચોપાટની રમતમાં આપણે ઠીક રાત પસાર કરી !" કાલિદાસે કહ્યું, "મિત્ર ! તારી ભૂલ છે, રાત આપણે પસાર કરવી નથી પડી. ચોપાટની રમતના રસમાં રાત વહી ગઈ છે. મહાકવિનું અદ્‌ભુત દર્શન એ 'વહી ગઈ' શબ્દપ્રયોગમાં જોવા મળે છે.

સાધના પણ પસાર કરવી પડતી નથી. સાધના પણ સંયમના રસ સંવેદનોના વેગમાં વહી જવી જોઈએ. નૈઃસર્ગિક વહેણવાળી સાધનાનો વેગ દુર્દમ્ય છે. સ્થળ કાળની કૃત્રિમ દિવાલોને તોડી નાખે છે. કશાથી તે રોકાતી નથી અને જ્યાં જવું છે ત્યાં શીઘ્ર જઈ ચઢે છે. આનંદઘનજીની સાધનાનું વ્હેણ આવું નૈઃસર્ગિક હતું. સાધક શરૂઆતમાં પાપપુણ્ય, લાભાલાભ, નરક-સ્વર્ગના તત્ત્વજ્ઞાનનું આલંબન લઈ ભક્તિને ખીલવે છે. પછી તો પ્રેમનો હેતુ પ્રેમ જ બની રહે છે. પ્રેમ જ પ્રેમનું ચરમ લક્ષ્ય બને છે. દાસી અને રાણીમાં આ જ

તફાવત છે. રાણી પગાર નથી લેતી. પ્રેમ જ તેનું ઇનામ છે તેથી તો તે રાજાને પણ બહાર રાહ જોવડાવી થકવી નાખે છે અને ઉઠબેસ કરાવે છે. શરૂશરૂમાં લંગર ઉઠાવીને હોડીને કીચડમાંથી પાણીમાં ધકેલવી પડે છે. કિનારા ઉપર ત્યારે હોડીના લીસોટા રહી જાય છે. પણ પછી તો સઢમાં પવન પ્રસરે છે અને મધદરિયે હોડી કશી પણ નિશાની પાછળ મૂકયા વિના સડસડાટ વહી જાય છે. આનંદઘનજી મહારાજની સાધના પણ કશો સ્થૂલ ચીલો મુકી ગઈ નથી જેનો અંદાજ કાઢી શકીએ. ગહન ઊંડાણમાં અતળ ડૂબકી મારતી તેમની સાધનાનો આ નૈઃસર્ગિક વેગ જ તેમને શીઘ્રતાથી સાક્ષાત્કાર તરફ લઈ ગયો.

સાધના જ્યારે મારીમચડીને થાય છે ત્યારે તેમાં આઘાત પ્રત્યાઘાતો જન્મે છે. ક્રિયા પ્રતિક્રિયાઓ થાય છે અને સાધકનું વ્યક્તિત્વ તેની અખંડિતતા ગુમાવે છે. ભંગાણ પામેલ તે વ્યક્તિત્વના ટુકડામાંથી ધ્યેયની રચના થતાં દીર્ઘકાળ વ્યતીત થાય છે; પણ કુદરતી ક્રમથી જે સાધના આગળ વધે છે ત્યાં આઘાત પ્રત્યાઘાતો નથી, ક્રિયાપ્રતિક્રિયા નથી, વર્તુળ નથી, ચક્કરડુંયે નથી. ત્યાં તો છે ઊર્ધ્વગામી ચેતનાનું સફળ ચઢાણ.

સાધનામાં કયારેક બે ઘડી પણ પૂરતી છે અને

ક્યારેક પુદ્‌ગલપરાવર્તો પણ પુરતા નથી. કર્મ, ઉદ્યોગ, કાળ, સ્વભાવ અને નિયતિ એ પાંચ સમવાય કારણો મળે છે ત્યારે જ કાર્ય થાય છે. મહાવિદેહમાં એકાવતારી થઈ કેવળજ્ઞાન પામેલ આનંદઘનજીને આ પાંચે સમવાય કારણોએ સહકાર આપ્યો હશે એ સ્યાદ્‌વાદ દૃષ્ટિ લેવી જોઈએ. જો કે મુખ્ય કારણ તો પુરુષાર્થ છે. તેમનો પ્રણયયોગ અને પ્રણયસમાધિ છે. કેવો ભવ્ય છે એ પ્રણયયોગ અને પ્રણયસમાધિ.

**"ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે**
**ઓર ન ચાહું રે કંત"**

એ ભાવ ગાતાં ગાતાં જેમને અવિરત અશ્રુગંગા વહાવી. એ અશ્રુગંગાનો ભીષણ ભાવાવેગ હું વિચારું છું ત્યારે મને આશ્ચર્ય થાય છે કે આનંદઘનજીને કેમ મહાવિદેહમાં જવું પડ્યું અને મહાવિદેહ કેમ તેમની પાસે ન આવ્યું ? ભક્તિનો તે જાદુ છે કે ભક્ત ભગવાન પાસે નથી જતો, ભગવાન ભક્ત પાસે જાય છે. સ્થૂલ ઘટના જોતાં આનંદઘનજી મહાવિદેહ ગયા. પણ સૂક્ષ્મ ઘટના તો એ બની છે તે મહાવિદેહ અને સીમંધર સ્વામી તેમના ઘટવનમાં સામા આવ્યા.

**પરમ નિધાન પ્રગટ મુખ આગળે**
**જગત ઓળંગી હો જાય.........**

માનવજીવન સતત ગતિશીલ છે, તેની આંખની પાંપણો ઉઘાડમીંચ થવાની ગતિ પામે છે. તેની નાડીનું સ્પંદન અને હૃદયના ધબકારા પણ તેના ગતિશીલ જીવનનું જ સૂચક છે. પણ ગતિ જ્યારે લક્ષ્યહીન હોય છે ત્યારે તે માનવીને નીચે પટકે છે, ભોંય સાથે તેનું માથું પછાડે છે. ગતિમાં જ્યારે કોઈ ઉચ્ચ લક્ષ્ય સંધાય છે ત્યારે માનવી ઊર્ધ્વ ચેતનાની જાદુઈ નગરી જુવે છે. લક્ષ્ય નક્કી થયું કે 'શોધ' શરૂ થાય છે.

માત્ર 'શોધ' પૂરતી નથી.

જે શોધવું છે તે ક્યાં શોધવું, કેમ શોધવું, ક્યારે શોધવું, કઈ લાયકાતે શોધવું—આ જાણવું જરૂરી છે.

શોધનું પણ વિજ્ઞાન છે, ગણિત છે.

શોધની પણ કળા છે.

આંખે પાટા બાંધી શોધનારને કેવો કહેવો?

નજર સામે જ્યોતિનો વિરાટ સ્થંભ છે અને ભાઈસાહેબ ખીસ્સામાં દિવાસળીની પેટી શોધે છે.

દિશા વિદિશાઓના એટલા અડી આવ્યા છતાં જે નાકની દાંડી સામે છે તે માધુર્ય, ઐશ્વર્ય અને સૌંદર્યના ત્રિવેણીસંગમરૂપ ચૈતન્યપ્રભુને કોઈ જોતા નથી.

ચક્રવર્તીના નવનિધિ અને ચૌદ રત્નો આંગણામાં

હાથ જોડી ઊભા છે અને આ મહેરબાન કુટયું શકોરું લઈ રાતે પાણીએ કાણી કોડીની ભીખ માંગવા નીકળ્યા છે.

જેની પાસે બ્રહ્માંડને બે બાહુમાં ઉછાળવાની તાકાત છે તે લૂલી લાકડીથી ઠેકાતો લંગડાતો ચાલે છે.

શોધનું વિજ્ઞાન અને ગણિત પરમનિધાન બતાવે છે, જગદીશની રૂપજ્યોતિ બતાવે છે. સર્વજ્ઞવાણીની રૂપેરી દેહ બતાવે છે. સર્વજ્ઞવાણીની કુંજીથી ભ્રમનું તાળું તૂટે છે. પછી પરમનિધાન શું છે તેનો ખ્યાલ આવે છે અને તે પરમનિધાનને ઓળંગીને દોટ મૂકવાની વૃત્તિ થતી નથી.

## નિજસ્વરૂપ જે કિરિયા સાધે,<br>તેહ અધ્યાત્મ કહીએ રે.

નિસર્ગના મહાશાસનનું એ વિધાન છે કે માનવ સદા શોધમાં રાચેમાચે.

આથી જ જાણે કે કુદરતે સત્યને અસત્યની અસંખ્ય આવૃત્તિઓમાં ભેળવી દીધું. જેથી તેની અનંત શોધ ચાલુ રહે.

સાચી ક્રિયા પણ અનેક જુદી ક્રિયાઓમાં ખોવાઈ ગઈ.

આથી જ આનંદઘનજી મહારાજ શોધનું વિજ્ઞાન

બતાવે છે અને સાચી ખોટી ક્રિયાઓનું ધોરણ નક્કી કરે છે.

જે ક્રિયા કરતાં આપણો ક્રોધ ન ઘટે, માન ન ઘટે, માયા ન ઘટે, લોભ ન ઘટે જે ક્રિયાથી આપણા આર્ત, રૌદ્ર ધ્યાન વધે, મનની અશાંતિ વધે, હૃદયની નબળાઈ વધે તે ક્રિયા સંસાર વધારનાર છે. સાચી ક્રિયા નથી; અધ્યાત્મ નથી.

જે ક્રિયા આત્માના અપ્રગટગુણ પ્રગટ કરે, અશાંત મનને શાંત કરે, નિર્બળ અંતરને અખૂટ યૌવન આપે, તે સાચી ક્રિયા છે. અધ્યાત્મ છે. અધ્યાત્મમાં ક્રિયા નથી તેવું નથી. આજે ઘણા એમ માને છે કે અધ્યાત્મ એટલે કોઈ ક્રિયાકાંડ નહિ માત્ર મ્હોંની મોટી મોટી વાતો જ. તેવું નથી. અધ્યાત્મને ક્રિયા સાથે ખૂબ સંબંધ છે, એટલું જ નહિ પણ માત્ર સાચી અને સુંદર ક્રિયા સાથે જ સંબંધ છે.

જે ક્રિયા ગીચ ઝાડી જેવી છે, હું ધાર્મિક પુરુષ છું નો 'અહં' વધારનાર છે,

જે ક્રિયા માનવમાં રહેલ વરૂના ખોરાક રૂપ છે; તે ક્રિયા ચાહે ધર્મમંદિરમાં થતી હોય કે ગુરુસ્થાનકે પણ અધ્યાત્મ નથી.

જે ક્રિયા તમારૂં અસલ સ્વરૂપ, તમારા મૌલિક

તત્ત્વોને બહાર ખેંચી લાવે–તમારો છૂપાયેલો પ્રકાશ જીવનમાં પ્રસારે,

જે ક્રિયા તમારા પ્રીતમને રીઝાવી તમારા હાથમાં સોંપી દે,

જે ક્રિયા આત્માની અનંત શક્તિઓને જીવનમાં રમતી કરે તેજ અધ્યાત્મ છે. અધ્યાત્મ એક કલ્પના નથી–એક સ્વપ્ન નથી, કેવળ ન સમજાય તેવી વાતો જ નથી. અધ્યાત્મ તે સત્ય છે. જીવંત શક્તિ છે જે જાગતાં વિશ્વ આખું તેને ઝુકી પડે છે. પણ આ અધ્યાત્મ તે સાચું અધ્યાત્મ જોઈએ. ગમે તેને અધ્યાત્મ માની લેવું તે પ્રાણઘાતક છે. સાચું અધ્યાત્મ ઓળખવાની ચાવી અહીં યોગી આનંદઘનજીએ આપણને આપી છે.

**તુજ મુજ અંતર ત્યાં જશેરે**
**વાજશે મંગલ તૂર,**
**જીવ સરોવર અતિશય વાધશેરે**
**આનંદઘન રસપુર.**

આનંદઘનજી મહારાજ વિકાસની એક પછી એક ભૂમિકા વટાવતા જાય છે. તેમની પ્રત્યેક કૃતિ તેમની વિકાસની કોઈ ચોક્કસ ભૂમિકા બતાવે છે.

પહેલાં સ્વપ્ન હશે.

પછી સંકલ્પ હશે.

પછી સાધના હશે.

પછી સાક્ષાત્કાર હશે.

સાધનાની આ ચાર ભૂમિકા ઉપરથી આનંદઘનજી મહારાજ પસાર થયા હશે.

આ પંક્તિઓ ગાઈ ત્યારે તેઓશ્રીને 'કિનારો' દેખાયો છે. રાતદિન સમુદ્ર ઓળંગવા માંડ્યા. હવે કિનારો દેખાય છે. તેમને ખાતરી થાય છે કે જે સ્વપ્ન હતું તે હવે સત્ય બની રહ્યું છે. અંધાપો તૂટી ગયો; દર્શન લાધ્યું.

જેને લેવા આટલું ચાલ્યા તે હવે સામે પગલે મળવા આવે છે?

જે ધ્યેયને આજસુધી સતત સ્વીકાર્યું તે હવે મને સ્વીકારે છે.

જે અંતિમ વિસામો છે તે હવે મારી પલાંઠીમાં પેસી જવા દોડ્યો આવે છે.

સાધકના નિસ્વાર્થ પ્રેમની તાકાત એટલી તો વધી ગઈ છે કે તેને આત્મશ્રદ્ધા થઈ છે કે ઈશ્વરી તત્ત્વનો મારા પ્રેમની તાકાતથી મારા આટલાં બલિદાનથી મને

વશ ન થાય તો ઈશ્વરી તત્ત્વ કાંતો નિર્જીવ છે-કાંતો ધતીંગ રૂપ છે-કાંતો મેળવવા જેવું નથી. આનંદઘનજીએ તેમના અજોડ પ્રેમદ્વારા તે પદ્મપ્રભુને જીતી લીધા. લોહચુંબક ન્યાયે સામે ખેંચી લીધા.

પ્રેમનું પ્રચંડ પૂર પોતામાં પ્રગટતું જોઈને આનંદઘનજીને ખાતરી થઈ કે મારે માટે કશું જ અશક્ય નથી.

દૃષ્ટિઓ મળી છે; કોલ અપાયો છે. જરૂર મળશું. માત્ર થોડોક સમય પસાર થવાનો જ પ્રશ્ન છે. પાંચ સમવાય કારણમાં 'કાળ' પણ કારણ જ છે ને. થોડોક વખત કાઢી નાંખશું.

**" કાળ લબ્ધિ લઈ પંથ નિહાળશું રે**
**એ આશા અવલંબ—**
**એ જન જીવે રે જીનજી જાણજો રે**
**આનંદઘન મત અંબ. "**
**અવધે કેની વાટડી જોઉં**
**બિન અવધે અતી ઝુરુ.**

જેને મળવાની અવધિ–time limit- ચોક્કસ સમય મર્યાદા છે-આટલા સમય પછી જે અવશ્ય મળશે જ- તેની રાહ તો જોઈ શકાય છે. પ્રત્યેક વીતી જતો સમય જાણે કે તે વિરહકાળ તોડે છે. કશીક મીઠાશ ભરી

આશા છે કે ભવિષ્ય કશુંક સુંદર લાવશે અને વર્તન વિના દુઃખનું વળતર મળશે.

જેની એપોઈન્ટમેન્ટ હોય તેને માટે વેઈટીંગરૂમમાં બેસવું સાર્થક છે.

જો ટ્રેઈનનું ટાઈમ ટેબલ જ બહાર પડ્યું નથી તો પ્લેટફોર્મ ઉપર પ્રતિક્ષાલયમાં કેટલો સમય કાઢવો? એટલી ધીરજ ક્યાંથી કાઢવી? ભાણે બેઠા પછી ખાલી થાળી સામે ક્યાં સુધી ટગર ટગર જોઈ રહેવું?

બીજા શબ્દોમાં આનંદઘનજી અહીં કહી રહ્યા છે કે હે પ્રભુ! તું એક એવું ચિહ્ન (ડાંડમ) બતાવ કે જેથી મને ખાતરી થાય કે તું આટલામાંજ–મારી આજુબાજુ છે. તો પછી તને નજીકમાં હોવાની શ્રદ્ધાથી હામ ભીડી શકું. પણ તારો તો પત્તો જ ક્યાં છે? જળધોધમાં પણ નથી. મેઘપંક્તિઓમાં પણ નથી. અહીં નથી; ત્યાં નથી. ક્યાંય તારી ભાળ નથી. કઈ સીમા રહિત સીમામાં તારા પાદચિહ્નો શોધવા? તારૂં નિશ્ચિત સ્થળ ક્યાં છે કે જેથી મારી યાત્રાની ઝડપ માપીને કોઈ મિલનની સમય મર્યાદા–અવધિ નક્કી કરી શકું. રાહ જોવી કોઈ વસમી ક્રિયા છે.

કારણ રાહ જોવામાં માત્ર આંસુ જ પાડવાનાં નથી. તેમાં માત્ર ડોક ખેંચવાની જ નથી. આંખો જ તાણવાની

નથી. પણ જાત વલોવવાની છે. સમગ્રતા નીચોવવાની છે. પ્રતીક્ષામાં કેટલા મંથન અને મથામણ છે!

રાતના તરાઓ આ રાહ જોતાં ક્યાં સુધી ગણ્યા કરું?

હવે તો મળવાનો કોઈ ચોક્કસ દિવસ કહે. કોઈ નિશ્ચિત તારીખ દઈ એપોઈન્ટમેન્ટ આપ કલાક ને મિનિટ કહે. પછી જ પ્રતીક્ષા સહ્ય બનશે.

**ચેતન શુદ્ધાતમ કું ધ્યાવો,**
**પરપરચે ધામધૂમ સદાઈ,**
**નિજપરચે સુખ પાવો.**

જગતનો એ પ્રિય વ્યવસાય છે કે બીજાને ઠપકો અને શિખામણ આપવી.

આનંદઘનજી અહીં એથી ઊંધુ જ કરે છે. તેઓ પોતાને જ ઠપકો અને શિખામણ આપે છે.

લોક અનુસ્રોત ગામી છે.

સાધુ પ્રતિસ્રોત ગામી છે. સામે પ્રવાહે ચાલનાર છે.

પોતાની જાતને શિખામણ આપવી કેટલી મુશ્કેલ છે. અહંને તેમાં કેટલો દબાવવો પડે છે.

અંતરસ્થ ગુરુ જેને મળ્યા છે તે પછી બાહ્ય દોરવણી લેતો નથી. દિવ્ય સૂચનો તેને મળતાં જ જાય છે.

આનંદઘનજી તેમની જાતને શિખામણ આપે છે

"હે ભાઈ! તું ક્યાંય બહાર ન જા. તારા મૂળ સ્વરૂપમાં તું અનુસંધાન પામ. બહાર કશું જ મળવાનું નથી. બહાર માત્ર આખલાઓની ભીંસાભીંસ છે. બહાર હાથીઓ તને છૂંદી નાંખશે. સિંહો તને ફાડી નાખશે. મગરમચ્છ તારાં હાડકાં ચૂસશે.

સંસાર તો કાંટાનું વૃક્ષ છે. તેને હાથ લગાડીશ અને લોહી નીકળશે.

નિર્જીવ પરમાણુંઓની રચનામાં ન ફસાઈ જા–કારણ તેના પાયામાં ગુલામીનું લોહી છંટાયું છે.

વિશ્વ પરિચયનો દંભ છોડ. પહેલાં આત્મપરિચય તો કર. અંતર્જ્ઞાનની મશાલ પ્રજાળ અને જો કે તું કોણ છે? તારું મૂળ સ્વરૂપ કેવું છે? અત્યારનું વિકૃત સ્વરૂપ કેવું છે. વિકૃતમાંથી મૂળ સ્વરૂપમાં જવા માટે કોણ તને મદદ કર્તા છે અને કોણ હાનિકર્તા છે સાધનાનું પહેલું પગથિયું કયું? છેલ્લું પગથિયું કયું? સ્વયિના ઊર્ધ્વીકરણનો સમગ્ર પ્રયોગ કયો? આ બધું જાણી નિજસંગનો ભોક્તા બન. બહાર કશું જ નથી. જે કાંઈ છે તે બધું જ 'આંતર' માં છે. આ દૃઢ માન્યતાથી આગળ વધ.

**અહો અહો હું મુજને નમું,**
**નમો મુજ નમો મુજ રે.**

આત્મ તત્ત્વ છે તેજ પરમાત્મ તત્ત્વ છે આ જાતનો વિશ્વાસ મજબૂત બનતો જાય છે તેમ તેમ સાધના જોર પકડતી જાય છે.

સાધનાની પ્રાથમિકદશામાં બેઉ જુદા છે. હું તારો છું. તું મારો છુંની ભાષા છે. આપણે બે એક છીએ એ અદ્વૈતગાન ત્યાં નથી.

સાધનાની અંતિમ દશામાં વિરહ પણ નથી. મિલન પણ નથી. કેવલ અદ્વૈત છે. જળબંબાકાર થયેલ સૃષ્ટિમાં જેમ ઉપર નીચે આગળ પાછળ સઘળું જ જળથી પૂરાઈ જાય છે તેમ સાધનાપૂર્ણ થતાં સાધક શંકરાચાર્ય લખે છે તેમ ચારે બાજુથી સચ્ચિદાનંદથી ભરાઈ જાય છે.

પ્રાથમિક સાધનામાં વિરહની મજા માણવાની છે.

માધ્યમિક સાધનામાં મિલનની મજા માણવાની છે.

ઉત્કૃષ્ટ સાધનામાં અદ્વૈતની મસ્તી માણવાની છે. ત્યાં માત્ર એકીકરણ જ નથી. શૂન્યીકરણ પણ છે. હું પણ નથી. તું પણ નથી. કાંઈક બીજું જ કશું અપૂર્વ છે.

આનંદઘનજી આવી સર્વોચ્ચભૂમિકા ઉપરથી તેમના સુજ્ઞ નિજત્વને નમસ્કાર કરે છે—જે નિજત્વ; જે 'યથાર્થ હું' આ અનંતકોટિ બ્રહ્માંડોનું મધ્યવર્તી કેન્દ્ર છે. આખરે આપણું આ સ્વત્ત્વ જ અંતિમ આરાધ્ય તત્ત્વ

છે. મૂર્તિ દ્વારા પણ આખરે તો આ સ્વત્વને પ્રગટાવવાનું છે. સર્વ ધર્મોની મૂર્તિ અને શાસ્ત્રો તે આપણી અંદર થઈને કોઈક આપણા જ સ્વકેન્દ્રને જગાડે છે. બધું ત્યાં પહોંચવા માટે જ માયાજાળ કરી ખડું થયું છે. સુફી કવિ રૂમીએ ગાયું તેમ આ સૂર્ય, ચંદ્ર, તારા આ વાદળ, સમુદ્ર અને વાયુલહરી, આ બધું જ મારી આત્માની વિભૂતિના અંશ છે. યથાર્થ હું ને નમસ્કાર કરવાની નિજાનંદ મસ્તી આવી હોય છે. આપણે પરાણે મારીમચડીને સુખી થવા માગીએ છીએ. સુખ કે આનંદ તો લાવવો નથી પડતો. સ્વાભાવિક રીતે આનંદનો માર્ગ વિકસી ઊઠે છે. કોઈ આંતરિક વેગથી મમતા છોડ, સમતા ધારણ કર. મમતા નહિ પણ સમતા મારૂં સ્વરૂપ છે તે વારંવાર યાદ કર. સાધનાનું બળ તને તેમાંથી જ મળશે. 'બાહ્ય' મમતા પીડાકારી છે. સદા સર્વદા પીડાકારી છે, કારણ તેમાં મહેનત ઘણી છે. કમાણી કાંઈ નથી. 'આંતર' સદાસર્વદા પ્રસન્નકારી છે, કારણ તેમાં મહેનત નજીવી છે, કમાણી બેહદ છે. બહાર કાંઈ જ નથી. તારી જાતમાં ઊંડો પેસી જા, તૃષ્ણા સંકારી લે, તૃપ્તિમાં ખોવાઈ જા.

**નિજપદ રમે સો રામ કહીએ,**
**રહીમ કરે રહિમાન રી,**
**કરસે કરમ કાન સો કહીએ...**

યોગની એક અતિ ઊંચી ભૂમિકા ઉપર સર્વ પદાર્થોનું એક અખંડ દર્શન થાય છે. મહાસમન્વયની સર્વોચ્ચ કળા તે યોગ છે. નાની મોટી બધી જ વસ્તુઓનો ત્યાં કોઈ વિરોધાભાસ નથી. પણ સર્વ કાંઈ એક કલાત્મક ગણિતાત્મક રચના (mathematical design)ના પૂરક એકમો છે. ત્યાં કોઈ નાનું નથી, મોટું નથી, નજીવું નથી, મહાન નથી. આ વિરાટ કારખાનામાં નાનું સ્ક્રુ પણ મોટામાં મોટા ચક્ર જેટલું ઉપયોગી અને સહેતુક લાગે છે.

રામ શું, રહીમ શું, કૃષ્ણ શું, મહાદેવ શું, પારસનાથ શું—બધા જ એક અનિર્વચનીય આત્મ-સત્તાના ગુણવાચક ભિન્ન ભિન્ન નામપર્યાયો છે.

સર્વ સ્થૂલભેદો ત્યાં એક પૂર્ણ અભેદની રચનાત્મક શૈલીમાં અંતર્લીન થાય છે. ત્યાં અનેક એકમાં લય પામે છે. નામરૂપની ભિન્નતા એક વિશ્વ વ્યાપી મહાસત્તામાં છુમંતર થઈ જાય છે.

સર્વ વિરોધો **एकमेव अद्वितीयम्**—એક અને અદ્વિતિયની શીતળ છાયામાં પોઢી જાય છે. સર્વ ટુકડાઓ અખંડની આરાધના કરે છે. સર્વ સુરો એક મહારાગની મહેફીલ રચે છે.

સર્વ અંશો એક પૂર્ણ બનાવે છે.

સર્વ શાસ્ત્રો અને સર્વ તત્ત્વજ્ઞાન એક યથાર્થ હું ને બતાવે છે–જેની સ્તવના કરવા મંદિરોએ શિખર રૂપ અંજલી કરી છે.

ટુકડાઓ અને 'અખંડ' (parts and the whole)નો સંબંધ છે.

આપણે જ મુખ્ય અસ્તિત્વ દ્વારા છીએ અને આ વિશ્વ તેના છાંટા છે તે અનુભવ આવું પદ જન્માવી શકે.

**જુઆરીકે મન જુઆ, કામીકે મન કામ,**
**આનંદઘન પ્રભુ યું કહે તુમ લ્યો**
**ભગવંતકો નામ.**

આજે સાધના બધા કરે છે પણ સાધનામાં પ્રાણ નથી, લાવણ્ય નથી, ઓજસ નથી. આપણી અર્થ અને કામ સાધનામાં પ્રાણ છે, જોશ છે–હલચલ છે. પણ ત્યાં સાધ્યમાં પ્રાણ નથી.

ધર્મની સાધનામાં સાધ્યમાં પ્રાણ છે પણ આપણી સાધનામાં પ્રાણ અને જોશ નથી. જુગારીના મનમાં સતત જુગારનું રટણ છે. કામીના મનમાં સતત વિષયરમણતાનું રટણ છે. કોણ કહી શકશે પ્રભુ નામનું તેવું રટણ આપણને છે ?

જ્યારે રટણ સતત થશે ત્યારે સહજ સ્ફુરણ થશે.

સતત સ્ફુરણ થશે ત્યારે અવતરણ થશે, દર્શન થશે. સ્પર્શન થશે, તેનામાં અવગાહન થશે. પછી એકીકરણ થશે અને પછી શૂન્યીકરણ આનંદઘનજી થવાની આ સહજ પ્રક્રિયા છે.

રટણ, સ્ફુરણ, દર્શન, અવગાહન–એકીકરણ અને શૂન્યીકરણ.

આનંદઘનજી ખોવાઈ ગયા હતા. તે ખોવાઈ જવા પાછળ આવી પ્રક્રિયા છે.

આજે સાધનાની આ પ્રક્રિયા ક્યાં છે? તેનું નામ હોઠે લેતાં સમગ્ર હૈયું ઊછળી પડે છે?

પાંચ રૂપિયાની ખોવાયેલી નોટ પાછી મળી આવે તેટલો આનંદ તેને હૃદયમાં સ્થાન આપતાં થાય છે?

જીવતું કલેવર ક્યાં છે? છે માત્ર નિર્જીવ ખોખું, છે માત્ર લીસોટા, ધૂળ ને ઢેફાં, છાલ અને ફોતરાં, દંભ અને પાખંડ. જે સાધના માથું આપીને સત્ય ન ખરીદી શકે તે સાધના કેવળ સ્વાર્થની સાધના છે–શૂન્ય છે. જ્યાં સ્વાર્થ છે ત્યાં સંસાર છે.

ઈડા પીંગળા....

યોગનું રહસ્ય સાધનાથી ખુલે છે. સ્થૂલ ક્રિયાથી

નહિ. શુષ્ક જ્ઞાનથી નહિ સળગતાં આંસુથી સાધનાનું ઊંડાણ પ્રગટ થાય છે.

ઈડા પીંગળાની આ પંક્તિમાં તેમણે યોગનું એક ઉમદા રહસ્ય ખુલ્લું કર્યું છે. નાભિ નીચે અઢી ઇંચિનું અધોમુખ કુંડાળું છે. તેને પ્રણવનાદની મુરલીથી ઊર્ધ્વમુખ કરી તેનું ઊર્ધ્વ સંચરણ સુષુમ્ણામાં કરવાનું છે. કુંડલીનું ઉત્થાન આ કહેવાય છે. સુષુમ્ણામાં તે કુંડલીની શક્તિનું ઊર્ધ્વીકરણ કરી ષૂટચક્રનું ભેદન કરી, બ્રહ્મરંધ્રમાં પહોંચતા અનાહતનાદ સંભળાય છે. શ્રીકૃષ્ણની મુરલી આજ છે જેના નાદે યમુનાનાં નીર–કાળનો પ્રવાહ થંભી જાય છે. અજર અમર થવાય છે. આ પ્રક્રિયા આનંદઘનજીએ સિદ્ધ કરી નથી–સિદ્ધ થઈ ગઈ છે માત્ર પ્રીતમનું નામ ઉચ્ચારતાં જ.

મારીમચડીને ઉત્થાન કર્યું નથી.

કુંડલીનું સહજ સ્ફુરણ થયું છે,

જે સહજ સ્ફુરણથી થાય છે તે જ આપણા લોહીના ટીપે ટીપાનો એક ભાગ બને છે. આ પછીની જ પંક્તિમાં પાતંજલિના અષ્ટાંગ યોગનું વર્ણન તેઓએ કર્યું છે.

આ પદ વાંચતાં લાગે છે કે પ્રીતમને રીઝવવા તેઓએ શું શું નહિ કર્યું હોય! કઈ કઈ યોગસાધના

તેઓએ કરી અને કઈ કઈ બાકી રાખી તે માત્ર તેઓ જ જાણતા હશે.

મધરાતે ગીચ જંગલમાં વાઘની બોડમાં પણ બેઠા હશે–રખેને પ્રીતમ ત્યાંથી મળી આવે.

સ્મશાનની ચિતાની રાખની ઢગલી ઉપર પણ બેઠા હશે.–રખેને પ્રીતમ ત્યાંથી મળે!

સમુદ્ર મંથન કરી વિષકુંભ ગટગટાવી ગયા હશે. રખેને પ્રીતમ તે રીતે મળે?

પ્રણય યોગનું નામ સુકુમાર છે પણ તેની પાછળ આવો ભીષણ પુરુષાર્થયોગ છે.

એક આંસુ પાછળ આવા હજાર હજાર અણુબોમ્બો જેવો વિરહ અગ્નિ છે.

યોગરહસ્યના અતળ તળિયે પણ આનંદઘનજી લટાર મારી આવ્યા અને પ્રણયસાધનાનું ગુલાબ ત્યાંથી લઈ આવ્યા, એ સાબિતી આ પદ આપે છે.

**નિશાની કહા બતાઉં રે,**
**તેરા અગમ અગોચર રૂપ.**

ભલા ભાઈ! આત્મતત્ત્વની નિશાની હું શું બતાવું?

આત્મતત્ત્વનું સ્વરૂપ કાંઈ ગમ પડે તેવું નથી. કડછીને સ્વાદની ખબર નહિ પડે. જીભને જ તે કામ કરવા દો.

આકાર રહિતનો આકાર ચીતરવો કેવી રીતે?

જે માત્ર સ્વસંવેદનથી લભ્ય છે તેને સ્થળકાળના ફલક ઉપર ઉતારવો કેવી રીતે?

આત્મામાં સ્થિર થયા વિના તે પુણ્ય પ્રકાશને શબ્દોની શીશીમાં ભરવો કેવી રીતે?

નિસર્ગનાં મહાશાસનનો નિયમ છે કે મુલ્ય ચુકવો– pay the price અને વસ્તુ તમારી છે! તરસ તમને લાગે અને પાણી બીજો પીવે–સમસ્યા તમારી અને ઉકેલ બીજો લાવે તે શકય નથી.

જે બારણું ખખડાવે તેને પ્રવેશ મળશે.

આત્મતત્ત્વની હયાતિની કુશંકાઓ છે પછી એ નિર્માલ્ય પ્રજા પુરાવાઓ માગે છે–મારી માતા હોવી જોઈએ તેનો પુરાવો લાવો. હું જીવું છું તેનો પુરાવો લાવો. આત્મતત્ત્વનો પુરાવો લાવો. નિશાનીથી બુદ્ધિ સંતોષો.

જીવતા વાછરડાની ચામડી ઉતરાવી તેના મુલાયમ બુટ બનાવવામાં રાજી થતી બુદ્ધિ–

જે બુદ્ધિ ગરીબની છાતીની ધમણ ઉપર સાતમો માળ બાંધવાનું શીખવે છે–

જે બુદ્ધિ ધર્મને ધનનો એક ભાગ ગણે છે તે બુદ્ધિ આત્માની નિશાની માગે છે!

## આનંદઘન એક વલ્લભ લાગત,
## ઓર ન લાખ કરોર.

યોગસિદ્ધિની એક પુણ્યક્ષણે આ ઉદ્‌ગાર બોલાય છે.

એવી એ પુણ્ય ક્ષણ છે જ્યારે કશું જ ગમતું નથી, કશું જ આનંદ આપતું નથી. માત્ર એક આનંદઘનજી પ્રિય લાગે છે. જગત આખું મીરાબાઈ જેમ ખારૂં લાગે છે. કરોડો પદાર્થો દૃષ્ટિને છોલી નાખે તેવા ખરબચડા લાગે છે. કોઈકે કામણ કર્યું છે. ક્યાંક મન ચોરાઈ ગયું છે.

ભરદરિયે વહાણના કુવાથંભ ઉપર બેઠેલ પંખી ગમે ત્યાં ઉડી જાય પણ પાછું ચક્કર મારીને થોડી જ ક્ષણમાં કુવાથંભ ઉપર આવીને બેસે છે. પ્રેમમાં પડેલ મનની પણ તેવી જ દશા છે.

પ્રિયપાત્ર સિવાય તેને કશું જ ભાવતું નથી. બીજું બધું તે ઓકી નાખે છે તેની હાજરીમાં બીજું કશું કોઠે પડતું નથી. પ્રિયતમની યાદનું શરબત અને પ્રિયતમના દર્શનનું મિષ્ટાન્ન અને સ્પર્શનું ફરસાણ જ તેને ભાવે છે, કારણ આનંદઘનજીનું અપ્રતિમ સૌંદર્ય મ્હોંઢામોઢ ( Face to Face ) જોવા મળ્યું છે. તેની પ્રેમ જાળમાં પગ ભરાઈ ગયો છે. આગળ જવાય તેમ

નથી. પાછળે જવાય તેમ નથી. જ્યાં છીએ ત્યાં ઊંડા ખૂંચી જવાય તેમ છે.

વસ્તુનું યથાર્થ દર્શન કરવાની કલા આવડી ગઈ છે. પછી તો તાંબાનો ઢબુ ઢબુના ઠેકાણે અને બેનમૂન પદ્મરાગમણિ તેને ઠેકાણે. યથાર્થ મૂલ્યાંકન આવડ્યું કે જે લેવા જેવું છે તે લીધું, જે મૂકવા જેવું છે તે મૂકી દીધું.

મહેનત મેળવવામાં કે છોડવામાં નથી. મહેનત તો વસ્તુનું યથાર્થ મૂલ્ય કાઢવામાં છે. જ્યાં દૃષ્ટિવિપર્યાસ છે ત્યાં યથાર્થમૂલ્ય ક્યાંથી? જ્યાં અનિત્યને નિત્ય મનાય છે, અસારને સાર મનાય છે, અનિષ્ટને ઇષ્ટ મનાય છે બંધનને મુક્તિ મનાય છે ત્યાં પદાર્થનું યથાર્થમૂલ્ય નીકળે ક્યાંથી? ત્યાં આનંદઘનજીનું પણ યથાર્થમૂલ્ય નીકળે ક્યાંથી? આનંદઘનજીનું યથાર્થમૂલ્ય ન સમજાય તો તે વહાલો લાગે ક્યાંથી?

**"મીરા કહે પ્રભુ ગીરધર નાગર,**
**ઉલટ ભઈ મેરે નયનનકી."**

આપણા નયન સીધાં ગણીએ તો સંતજનનાં નયન ઉલ્ટાં થયાં કહેવાય.

આપણા નયન ઉલ્ટાં ગણીએ–જે હકીકત છે તે તેમનાં સીધાં ગણાય.

વિપર્યાસ દૃષ્ટિનો વિપર્યાસ તે સમ્યગ્ દૃષ્ટિ ખોટાનું ખોટું તે સત્ય.

નયન 'ઉલ્ટાં' થશે તો વસ્તુની યથાર્થ સમજણ આવશે. પછી દુનિયાની કરોડો વસ્તુઓ ધતુરા ને બાવળ જેવી લાગશે. આનંદઘનજીની 'લગન' લાગશે. જ્યાં ધૂન અને લગની છે ત્યાં સમુદ્ર ખાબોચીયું બને છે. પહાડ–કાંકરી બને છે–આકાશ આખું મુઠ્ઠીમાં સમાય છે!

આનંદઘનજી સિવાય બીજું કશું યાદ કરવા જેવું ન લાગે, મેળવવા જેવું ન લાગે. આવી મહાદશા યોગનું ફળ છે.

આનંદઘનજી પ્રત્યક્ષ હોય પછી દુનિયા પરોક્ષ બને છે.

ચૂલાના અંગારા સાથે નભોમંડળના દિનમણીની સરખામણી કોણ કરે? લસણની ગાંઠ સાથે રાતરાણીની ફોરમ કોણ સરખાવે? વીંછીના ડંખ સાથે પ્રીતમના સ્પર્શને કોણ સરખાવે? રણવગડાના ખચ્ચર સાથે ચક્રવર્તીના અશ્વરત્નની સરખામણી કોણ કરશે? જો આમ જ છે તો આનંદઘનજી સિવાય બીજું વહાલું કોણ લાગે? આનંદઘનજી સાથે જડપરમાણુંના જગતની સરખામણી કોણ કરશે?

**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું**
**એહ વાત છે ખોટી,**
**એમ સાધ્યું કહે હું નહિ માનું**
**એહ વાત છે મોટી...**

આત્મા પરમાત્માને મળે તે યોગ. એ મિલાપ શક્ય ક્યારે બને? જ્યારે વચલું મન ઉડાડી દેવાય ત્યારે. ઉન્મની ભાવ–મનનો નાશ તે યોગનું લક્ષ્ય છે.

મનની ગતિ પ્રચંડ છે. કોઈ પુરુષસિંહ જ તેને નાથી શકે.

યોગ સોમવારે શરૂ કર્યો અને શનિવારે પૂરો કર્યો તે શક્ય નથી. વચ્ચે અસંખ્ય મુશ્કેલીઓ છે.

યુદ્ધ એકતરફી નથી હોતું, તેમાં વળતા હુમલા પણ આવે છે. અહીંથી નીકળ્યા અને ત્યાં પહોંચી ગયા અને કપડાની ઈસ્ત્રી પણ બગડે નહિ તેવું શક્ય નથી. સત્ત્વની પરીક્ષા ત્યાં થાય છે. આ સત્ત્વપરીક્ષા એવી નિર્દય ભૂકંપ જેવી હચમચાવનાર છે કે આનંદઘનજી જેવા પણ મન સામે પળભર હાથ હેઠા મુકવાનો વિચાર કરીને પણ પાછા જાત સંભાળી લે છે. મોહના આવા વળતા હૂમલા ન હોત તો યુદ્ધ માત્ર ઉજાણી બની જાત. મન જબરૂં છે તેનો એકરાર આનંદઘનજી જેવા યોગીશ્વરને પણ કરવો પડે છે.

યોગસાધનામાં મન શોધવાનું છે, સમજવાનું છે. મનના બધા Shades–છાંટા અને અવસ્થાને–અને બધી અવસ્થાના મૂળને આપણે હસ્તામલકવત્ ઓળખવાનું છે, શાંત નિરીક્ષણ અને તટસ્થ પરીક્ષાથી તેને પીછાનવાની છે. મનના પ્રત્યેક ભાવ અને ભાવપ્રેરિત ક્રિયા આને આદિથી અંત–સુધી આપારથી પેલે પાર સુધી પાળવી જોઈએ.

આપણા મનના બે ભાગ છે–એક ઊર્ધ્વમન એક અધોમન. એક નીચે જવા માગે છે બીજું ઊંચે જવા માગે છે.

યોગમાં વ્યક્તિત્ત્વ તોડી નાખવાનું છે સ્વત્ત્વ ઉગાડવાનું છે. (not personality but self) આ યોગ પ્રક્રિયામાં સામા પ્રવાહે ખુલ્લી છાતીએ તરવાનું છે.

સામાજિક, આર્થિક, રાષ્ટ્રીય, સર્વ પ્રવાહોને સામી છાતીએ સામનો કરવો પડે છે, ખૂબ ધીરજનું આ કામ છે. અધો મનમાંથી ઊર્ધ્વ મનમાં જવું કેવી રીતે? અંતઃ પ્રેરણાથી, આપણા અંતરના અવાજથી.

ધીમા તે અંતરના અવાજ ને ઓળખી તેની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. જેમ વધુ ઉપયોગ તે અંતઃ પ્રેરણાના અવાજનો તેમ વધુ વિકસિત તેનું બળ થશે.

અંતઃ પ્રેરણાના વિકાસથી શિષ્યનું શિષ્યત્વ તૈયાર થશે.

નિઃસર્ગનો એ મહા નિયમ છે કે શિષ્ય તૈયાર થશે કે ગુરૂ સામા પગલે તેની પાસે શોધતા આવશે.

ગરબડ થયેલ મશીનમાં એન્જીનીયર યોગ્ય જગ્યાએ હથોડીનો એક ટકોરો મારે છે અને કારખાનું અટકતું બંધ થઈ પડે છે.

ક્યાં કેટલો હથોડો મારવો તે એન્જીનીયરની કળા છે. ગુરુની પણ તેવી જ કળા છે. શિષ્યની સર્જન-પ્રક્રિયામાં ક્યાં કેટલી અંધાધૂંધ પેઠી છે તે પકડીને એક હથોડાનો ટકોરો મારે છે.

મહાપુરુષ વિશ્વેશ્વરૈયા સ્થાપત્ય-શાસ્ત્રી હતા. એક-વાર ટ્રેનમાં તેઓ સૂતા હતા. પાટા ઉપર ચાલતી ટ્રેનના અવાજ ઉપરથી તેમણે કહી દીધું કે બે માઇલ દૂર આવેલ પૂલ તુટેલો છે. અને ટ્રેન થનાર હોનારત માંથી બચી ગઈ. ગુરુ શિષ્યના માથા ઉપર હાથ મૂકીને આવી હોનારતો બચાવી લે છે.

યોગસાધનામાં મનને શમ (Controll) માં લાવવાનું છે. તે માટે ઇંદ્રિયોનો દમ (Controll) જોઈશે. ઇંદ્રિયો જીતે તે મનની ગૂઢ પ્રક્રિયાઓને જીતી શકશે.

મનને શમમાં લાવવા મનનું શાંત નિરીક્ષણ જરૂરી છે. ઓરડાની બારી પાસે ખુરશી મૂકી જેમ તમો બહારના રસ્તા ઉપર કોણ અવજા કરે છે તે જોઈ શકો છો તે રીતે જ મનના અનેકવિધ પ્રવાહોનું નિરીક્ષણ કરો; પૃથક્કરણ કરો.

મનના ગુપ્તમાં ગુપ્ત પ્રવાહો (Subconcious thoughts) નું સૂક્ષ્મમાં સૂક્ષ્મ માપ કાઢવું જોઈએ. તેના પ્રત્યેક થયેલા, થતાં અને થનાર વળાંકોથી પરિચિત હોવું જોઈએ.

બારીમાંથી રસ્તા ઉપર જોતા હો તો જેમ શબ જતું હોય તો તેની પાછળ ડાઘુઓ હોય જ છે કે બેન્ડ જતું હોય તો મીલીટરી જતી જ હોય છે તેમ મનની ચોક્કસ દશા પાછળ બીજી નિશ્ચિત દશાઓ સંકળાયેલી જ છે. દા. ત. નિરાશ મન પ્રારબ્ધ પર શ્રદ્ધા રાખનાર થાય છે.

મનની પ્રત્યેક સ્થૂલ સૂક્ષ્મ ક્રિયા–પ્રતિક્રિયાઓ સમતલ જોઈએ.–મનનું આમૂલતઃ સંશોધન કરવું જોઈએ. હું કોણનું વૈજ્ઞાનિક સંશોધન આ રીતે જ થાય. 'હું' તે પરમચૈતન્ય છે, તે જાણ્યા પછી 'હું' પદ મનને પ્રેરતું નથી, મન ઇન્દ્રિયોને પ્રેરતું નથી. આ રીતે બંને બાજુથી ભ્રષ્ટ થયેલું મન સ્વયમેવ નાશ પામે છે, તેમ યોગશાસ્ત્રમાં પૂજ્ય હેમચંદ્રાચાર્યજી લખે છે.

મનનો નાશ તે ઉન્મની ભાવ. જ્યાં ઉન્મની ભાવ છે ત્યાં જ અનુભવ છે.

મન સાધ્યું છે તેવાં બણગાં મારનારા તો ઘણા છે. ખરેખર મન સાધનારને તો ધોળે દિવસે મીણબત્તી કરી શોધવા પડે છે.

મન સાધવાનો એક જ ઉપાય છે. જેને ખરેખર મન સાધ્યું છે તેની પાસે મન સાધવા માટે મદદ માગવી. મનુષ્ય પ્રયત્નો થાકે છે ત્યારે ઈશ્વરી કરુણા કાર્ય કરે છે. આનંદઘનજીએ અહીંયા મનોનાશ કરનાર જિનેન્દ્ર દેવ પાસે શક્તિદાન માગ્યું છે. ઈશ્વરી કરુણા કેટલી અનિવાર્ય છે તેનો સચોટ પુરાવો અહીં જાણવા મળે છે, વળી યોગીરાજ અહીં યોગીશ્વરને મેણું પણ મારે છે કે તમે મન સાધ્યું તે હકીકત હું તો જ માનું, જો મારૂં મન તમો સાધી દો.

બધા જ ઉપાય તેઓ અજમાવે છે. છેવટે મેણું મારવાનો ઉપાય પણ અજમાવે છે. તે બતાવે છે કે તેઓ મુશ્કેલીના ઉકેલમાં કેટલા ગંભીર (Serious) છે.

આનંદઘનજીના જીવનમાં એવું તે શું બની ગયું હશે કે તેઓ આટલા બધા નિરાશ થઈ જઈ મદદ માટે પ્રભુ પાસે દોડી ગયા હશે? મનની આટલી

દુરારાધ્યતા કેમ ગાઈ હશે? શું યોગ સાધનાની અપરિપક્વ દશામાં આ સ્તવન તેમણે લખ્યું હશે?

આનંદઘનજીનું માપ આપણી વામન ફુટપટ્ટીથી નહિ કાઢી શકીએ.

આપણા મનમાં જેમ ઈશ્વર છે, તેમ શેતાન પણ છે, શેતાન જોઈને ડરી જવું ન જોઈએ; લાગી જવું ન જોઈએ. તેને શાંત સ્થિર દૃષ્ટિથી પિછાનવો જોઈએ. અને યોગ્ય સ્થાને મદદ લેવા દોડી જવું જોઈએ. તે યોગ્ય સ્થાન જીનેશ્વર દેવ છે–જેઓએ મન સાધ્યું છે.

દર્શન પરિષહ જેવા આકરા પરિષહ સહન કરતાં કદાચ આવું કાંઈક સ્તવન બહાર આવી ગયું હોય. પ્રત્યેક શ્રદ્ધા સાથે શંકા ગુપ્તપણે સંકળાયેલી જ છે. શ્રદ્ધારૂપ ક્રિયાની શંકારૂપ પ્રતિક્રિયા છે. મનોવિગ્રહ આ રીતે ચાલતો જ હોય છે.

સાધનાની કોઇક ભીષણ પળે–જ્યારે વાસ્તવિકતા નગ્ન સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે સાધકને શંકા થાય છે શું મોક્ષ ખરેખર હશે? સંસાર સુખ કરતાં મોક્ષ સુખ ખરેખર વધુ ઉચ્ચ છે? મને તે મોક્ષ મળશે? શું હું અભવ્ય હોઇશ? શું મારી સાધના યોગ્ય છે? યોગ્ય ફળ મળશે? અને તેમની સાધનાનો પાયો કદાચ હચમચી ઊઠયો હશે.

બાવીશે પરિષહમાંથી આ દર્શનપરિષહ સૌથી વિકટ છે કારણ સાધના તેના ઉપર જ ઊભી છે.

આ તો માત્ર ધારણા છે કે આવા બાવીશે પરિષહોના ઝંઝાવાતમાંથી પસાર થતાં આનંદઘનજી ગાઈ ઊઠ્યા હોય કે,—

**"મનડું કિમ હિ ન બાજે હો કુંથુજીન**
**મનડુ કિમ હિ ન બાજે."**

જિનેશ્વરદેવ સાથે હૃદયની વાતચીત કરી, હૃદયની કુટિલતા તેઓએ ખુલ્લી કરી. મન ખુલ્લું થતાં તેની નબળાઈઓ વિખેરાઈ જાય છે.

**આનંદઘન કહે જસ સુનો બાતાં,**
**એહિ મીલે તો મેરો ફેરો ટલે.**

આ પદ વાંચતાં એમ લાગે છે કે આનંદઘનજીએ કોઈ યોગ અધૂરો નથી મૂક્યો. કોઈ પ્રયત્ન બાકી નથી રાખ્યો. ડુંગરા ખેડ્યા, વાદળો સાથે વાતચીત કરી, મરતી ઢૂંઢી, પંચાગ્નિનું તપ કર્યું, બધું જ ચકાસી જોયું તો પણ એ પ્રશ્ન ઊભો રહ્યો કે—

**"નિરંજન યાર મોહિ કૈસે મિલેંગે."**

હે સનાતન મિત્ર! નિરંજનપ્રભુ! તું મને કેવી રીતે મળીશ?"

તે કેવી રીતે મળે તે હું જાણતો નથી. પણ તે જો મળી જાય તો આ અનંત ભવભ્રમણનો ત્રાસ મટી જાય તે તો હું અવશ્ય જાણું છું.

સત્ય માટેની જીવલેણ વ્યાકુલતા સાધકમાં કેટલી હોય છે તે આ પદમાં જણાય છે.

આપણને માત્ર કુતૂહલતા છે. વસ્તુ કેમ કાર્ય કરે છે તે જાણીએ છીએ. (How Electricity works that we know but what is Electricity that we do not know)

વસ્તુની સ્થૂલ સપાટી જાણીએ છીએ. વસ્તુના મૂળ સ્વરૂપનું ઉંડાણ જાણતા નથી. તે માટે કુતૂહલતા પૂરતી નથી, વ્યાકુલતા જોઈએ જે આ પદમાં આનંદઘનજીએ બતાવી છે.

વોલ્ટર સાચું જ લખે છે (One thousand books of metaphysics will not reveal a ray of soul) તત્ત્વજ્ઞાનના હજાર હજાર પુસ્તકો આત્માનું એક કિરણ નહિ પ્રગટાવી શકે.

સત્યની લેણાદેણી માટે બુદ્ધિની હથેલી નાની પડે છે.

સત્ય માટે ચંદનબાળાનું રુદન જોઈશે. મીરાંબાઈનું નૃત્ય જોઈશે. આનંદઘનજીની મસ્તી જોઈશે. રુદન તો

સંસારભરમાં છે પણ આનંદઘનજીનું આ રુદન તો કોઈ વિશિષ્ટ કોટિનું છે.

કબીર ગાય છે :

**"સંસાર સારા દુઃખી ખાવે ઔર રોવે,**
**દાસ કબીરા યું દુઃખી ગાવે ઔર રોવે."**

સંસારનું રુદન ભોગનું રુદન છે, ખાઈને રડવાનું છે.

યોગી ગાઈને રડે છે. પ્રીતમની યાદમાં રડે છે.

આ પદમાં આનંદઘનજીના એ વિરલ રુદનના પડઘા છે જે સંસાર આખાના હાસ્ય કરતાં વધુ મુલાયમ છે, વધુ મોહનીય છે.

એકાદ બિભત્સ નવલકથા કે સસ્તા સિનેમામાં પ્રેમની મહાગાથા શોધનાર પ્રેમને શું સમજવાનો હતો ?

વીસમી સદીના એ પ્રેમીનો પ્રેમ કોલેજના કલાસ-રૂમમાં જન્મ પામે છે અને ઘરના છાપરા નીચેની જવાબદારીઓમાં કે કોર્ટના પીંજરામાં મૃત્યુ પામે છે. પ્રણયયોગની મહાસમાધિ શું છે તે આ આજના માય-કાંગલા યુવાનને શી ખબર ?

અવિવેકના આ જુવાળમાં આનંદઘનજી ! તમારી વિરહવ્યથા અમને કોઈ નવી દિશાનો સૂર્યોદય બતાવે છે

## મૂલડો થોડો ભાઈ વ્યાજડો ઘણો :

સંસારની પેઢીનું અહીં દેવાળું બતાવ્યું છે. મૂડી થોડી છે, વ્યાજ ઘણું ભરવું પડે છે. પારકી મૂડી વ્યાજે લીધી હોય પછી થાય પણ શું?

જડપરમાણુંની મૂડીથી સંસારની પેઢી ચાલે છે.

પુદ્દગલરાગની પારકી મૂડી છે, કર્મનું વ્યાજ પછી વધતું જ જાય છે.

કેટલું વ્યાજ ચુકવીએ છીએ. દરેકને કપાળે હાથ જોડી નમવું પડે. દરેક શેરીમાં કૂતરા જેમ જીભ કાઢી પૂંછડી પટપટાવવી પડે છે, કોઈના પગ દબાવવા પડે છે, કોઈકની જમીન લૂછવી પડે છે. તિર્યંચ અને નરક નિગોદનાં દુઃખો પણ કર્મનું વ્યાજ છે. ભૂખ-તરસ, ટાઢ-તડકો, માન-અપમાન, રોગ, જરા, મૃત્યુ, ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ આ બધું જ કર્મનું વ્યાજ છે. પારકી મૂડી-પરમાણુની છે તેનું વ્યાજ આપ્યે કેમ ચાલે?

આત્મભંડારમાં અનંત ઋદ્ધિસિદ્ધિ છે પણ આ અભાગિયાએ પરમાણુરાગની મૂડી ઉછીની લીધી.

પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ, રસબંધ આ સંસારનું વ્યાજ છે જે ચુકવતા હાડકાં ખોખરાં થાય છે, છક્કા છૂટી જાય છે. જાત ગીરવે મૂકી દેવાળાનો

કેવો ધંધો માંડ્યો છે? ચક્રવર્તીપદને લાયક આ ભાગ્યવાન; બળદ જેમ ધુંસરીએ જોડાય છે.

હવે પુનઃ પ્રતિષ્ઠા જમાવવી છે, સાજનનું મુખડું રીઝવવું છે, માણેકચોકમાં નવી હાટડી નાખવી છે, સ્વસંપત્તિનો વેપાર કરવો છે. તેમાં તો જરૂર આનંદઘનપ્રભુ મદદ કરશે અને પેઢી ધમધોકાર ચાલશે.

**ચિત્ત પ્રસન્નેરે પૂજન ફળ કહ્યું,**
**પૂજ અખંડિત એહ;**
**કપટ રહિત થઇ આતમ અરપણા રે,**
**આનંદઘન પદ એહ.**

પૂજાનું ફળ શું? ચિત્ત પ્રસન્નતા.

યોગનું લક્ષ્ય શું? ચિત્ત પ્રસન્નતા.

પ્રયોગનું પરિણામ શું? ચિત્ત પ્રસન્નતા.

જ્યાં સુધી ચિત્ત પ્રસન્નતાનું શુદ્ધ પરિણામ ન પ્રગટે ત્યાં સુધી પ્રયોગ જ નહિ પણ પ્રયોગ પરંપરા જરૂરી છે. આજે આપણું ચિત્ત પીડિત છે. કઠોર છે.

આપણું ચિત્ત મૃદુ અને પ્રસન્ન હોવું જોઈએ.

કયાં છીએ અને કયાં જવું જોઈએ. તેનું ભાન જ તે બે વચ્ચેનું આંતરૂં ઘટાડે છે.

આજે આપણે કયાં ઉભા છીએ તેની આપણને

ખબર નથી. આજે આપણે ક્યાં પહોંચવું છે તેની પણ આપણને ખબર નથી. અરાજકતામાં ખોવાયા છીએ. અંધાધૂંધીમાં આંધળા થયા છીએ.

આનંદઘનજી આ પંક્તિ દ્વારા આપણને સ્પષ્ટ ભાન આપે છે કે આપણે ક્યાં જવું છે.

પીડિત ચિત્તને આપણે પ્રસન્ન કરવું છે.

પીડિત ચિત્તને પ્રસન્ન કરવા માટે પૂજા જરૂરી છે.

પૂજા દ્વારા પીડામાંથી પ્રસન્નતામાં જવાશે.

પીડા ભૂતકાળ છે. પૂજા વર્તમાન છે. ચિત્ત પ્રસન્નતા ભવિષ્ય છે.

ત્રણે કાળનો સાર આ પંક્તિમાં તેઓશ્રીએ ભર્યો છે. એવું ભાગ્યે જ બને કે તમે પૂજા કરો અને ચિત્ત પ્રસન્ન ન બને. એમ બને તો માનવું કે કાંતો તમારી પૂજા જીવંત નથી, કાંતો તમારૂં ચિત્ત યાંત્રિક છે.

જ્યાં જીવંતતા છે, ત્યાં પ્રસન્નતા છે. જ્યાં યાંત્રિકતા છે ત્યાં શુષ્કતા છે પીડા છે. આપણી પૂજા યાંત્રિક નહિ પણ જીવંત જોઈએ.

પૂજા માત્ર ટીલાં ટપકાં કરવામાં જ પૂરી થતી નથી.

ભીની પાંપણોવાળું નમેલું માથું તે પૂજા છે. એવું નમેલું માથું જેને પ્રભુચરણમાંથી ઉંચું થવાનું

મન ન થાય–ફુરસદ નથી. ભાન નથી. પૂજા એટલે સર્વ સમર્પણનો આખરી દાવ—

**“ કપટ રહિત આતમ અરપણા. ”**

મૂર્તિનો માત્ર જમણો અંગૂઠો દબાવી આવો અને પૂજા કરી તેમ માનો, તે પાખંડ છે. તે પૂજા નથી ‘ અડપલું ’ છે.

અરે ભાઈ! ભગવાન બહેરા નથી. બૂમબરાડા ન પાડ. ભાવનામય હૃદયનું નિઃશબ્દ સ્તવન તેઓ સાંભળે છે. રત્નજડિત થાળના નૈવેદ્યના તેઓ લોભી નથી. સંસારના પશ્ચાત્તાપનું એક ઉનું આંસુ તેમને રીઝવશે.

પૂજા તે એકાંત છે. મિલન છે. અદ્વૈત છે.

પૂજા તે શયનખંડની સોહાગ રાત છે જ્યાં અધ્યાત્મ દંપતિનો દિવ્ય સંભોગ રચાય છે.

પૂજામાં આપણી માલીકી છોડી દેવાની છે. તેની માલિકી માથે ચઢાવવાની છે. આમ થશે તો આવી જો કપટ રહિત આતમ અરપણા થશે, તો જડવાદના પાયા સ્થંભ તૂટવા માંડશે.

આત્મ ભાવની મહાદશા–ચિત પ્રસન્નતા આપોઆપ જાગશે.

ચિત્ત પ્રસન્નતા મળે પછી બીજું જોઈએ પણ

શું ? આજે સૌનું મ્હોં રડતું છે. સૌના હસતાં હોઠ ઉપર એક છૂપું દર્દ છે. એક ગૂઢ વ્યથા છે. સૌની આંખમાં એક મુંગી ફરિયાદ છે. જીવનનો સામનો છે. એક જીવલેણ વિગ્રહ છે.

આજે નવો માનવ સર્જવાની જરૂર છે. નવો માનવ હમેશ પ્રસન્ન છે. ચિત્ત પ્રસન્નતાનું દિવ્ય સંગીત આ નવા માનવને જગાડશે, અને તેના આધ્યાત્મિક વારસાનું ભાન કરાવશે.

કપટ રહિત આતમ અરપણા ! તેની સર્વ સમર્થ અનંત કરુણાની શરણાગતિ હું લઉં છું.

તેની પરમ કરુણા જ હવે તો મને તારનાર છે કે મારનાર છે. તેની સ્વયંભૂરમણસમુદ્ર જેમ કરુણા મને ચારે બાજુથી સતત ઘેરી રહી છે અને મારા અંતરના મધ્ય કેન્દ્રમાં પણ ઉભરાઈ રહી છે તે કરુણા જ મારૂં ચારે બાજુથી દિવ્ય સંરક્ષણ ( Divine Protection ) કરી રહી છે.

અદ્વિતીય વિશ્વસમ્રાટની છત્રછાયામાં મ્હાલતું ચિત્ત એની મેળે જ નિર્ભય પ્રસન્નતા પામે છે. સંસારસુખ જાતજાતના ભયોથી બળેલું છે. સર્વ ભયો જતાં રહેતાં સુખ પ્રસન્નતા બને છે. તેનો ઉગમ–સ્તત્વના મૂળમાં

છે. આનંદસ્વરૂપ આત્મા સાથે એકતાર થવું તે જ પરમાત્માની વાસ્તવિક પૂજા છે.

કપટ છોડી દો, ઘમંડ છોડી દો, દંભ પાખંડ છોડી દો. જેવા છો તેવા પ્રભુ સન્મુખ ખુલ્લા થાવ, અને તેના ચરણ પકડી કહો—તારા સિવાય મારૂં કોઈ જ નથી. આ છે કપટરહિત 'આતમ અરપણા !' જીવનની પ્રત્યેક ક્રિયા પોકારે—હે પ્રભુ ! તારા સિવાય મારૂં કોઈ જ નથી. આતમ અરપણ આ છે.

**ચરમનયણ કરી મારગ જોવતાં રે,**
**ભૂલ્યો સકલ સંસાર;**
**જેને નયને કરી મારગ જોઈએ રે,**
**નયન તે દિવ્ય વિચાર.**

આનંદઘનજી અહીં બે પ્રકારના ચક્ષુની વાત કરે છે. એક છે ચરમચક્ષુ, બીજું છે દિવ્યચક્ષુ.

અજિત જિનેશ્વરે ચીંધેલ પંથ ચરમચક્ષુથી દેખાતો નથી. તે પંથ જોવા તો કોઈ દિવ્ય આંતરચક્ષુ જોઈએ. ત્રીજું લોચન ખોલવું જોઈએ !

ચર્મચક્ષુથી તમે જોશો તો ચતુર્ગતિના ચાબખા છે. નરકના કુંભીપાકમાં રંધાવું પડશે. સંસારનો દંડ છે. દિવ્યચક્ષુથી જોશો તો 'દંડ' નહિ પણ "પંથ"

મળશે. ચર્મચક્ષુ છે દેખીતી દુનિયાની ચાર દિવાલોને જ માત્ર સાથી માની મોહાંધ થવું તે. હું અને મારૂંના મોહમંત્રની સાધના તે ચર્મચક્ષુ છે.

દિવ્યચક્ષુ છે આત્મદર્શનની ઝંખના. ઈશ્વરીતંત્રની લગની સ્વત્ત્વની પ્રતીતિ અને અનુભૂતિ.

ચર્મચક્ષુ છે બૌદ્ધિક કુતૂહલતા.

દિવ્યચક્ષુ છે હાર્દિક વ્યાકુલતા.

એક માત્ર ખંજવાળ છે. ચામડીનો રોગ છે.

બીજું છે પ્રાણભેદક રૂદન.

ચર્મચક્ષુમાંથી દિવ્યચક્ષુમાં જવા માટે અહંની દિવાલ તોડવી પડશે. હું અને મારૂંનું જેટલું વધુ વિસ્મરણ તેટલું દિવ્ય લોચન વધુ ખુલશે.

'હું અને મારૂં'નું ચર્મચક્ષુ ફોડી નાખો અને દિવ્યચક્ષુ આપોઆપ ખુલશે.

જ્યાં માત્ર બૌદ્ધિક કુતૂહલના છે ત્યાં અહં અને મનની પુષ્ટિ છે.

જ્યાં પ્રાણવેધક વ્યાકુળતા છે, ત્યાં તું અને તારૂંની પુષ્ટિ છે. હુંમાંથી તુંમાં ગયા કે દિવ્ય લોચન ખુલ્યું. દિવ્ય લોચનમાં પ્રણયનું દર્દ છે.

પ્રણયનું દર્દ તમે જોયું છે? એ વ્યાકુલતા પ્રગટાવો અને માર્ગ આપોઆપ ખુલશે.

Pains of love be sweeter far than all other Pleasures are.

સંસારના સર્વ સુખો કરતાં દિવ્યતાનું એ દર્દ વધુ તૃપ્તિદાયક છે.

યોગ, ધર્મ, તત્ત્વજ્ઞાન, નીતિ–સર્વ કાંઈ ચાહે છે સત્યનું દર્શન અને સત્યનો અનુભવ.

પણ આ દર્દ વિના દર્શન કેવું? આ દર્દ જ દિવ્ય લોચન છે, સત્યની તીવ્ર ભૂખ–રુચિ રૂપ આ દર્દ છે. તે વિના કોઈ દિવ્યતાનો લગારે સ્પર્શ શકય નથી.

આ જીવ જ્યારે જીવન હારી જાય છે, જીવન-વિગ્રહની નાગચૂડમાં માનવ હૃદયની સર્વ નબળાઈઓ જ્યારે ખુલ્લી પડે છે, અને જ્યારે અહંના કરોડો ટુક-ડાઓ થઈ બહાર ફેંકાઈ પડે છે, જ્યારે સૌનો સંગાથ છૂટે છે અને કેવળ એક સત્ય જ સંગાથ આપે છે ત્યારે અધ્યાત્મનું દર્દ ઉપડે છે. અધ્યાત્મનું જાગરણ શરૂ થાય છે. દિવ્ય નયન અજિતજિનનો પંથ નિહાળે છે.

દિવ્ય નયન ખોલવાની આ સૂક્ષ્મ શસ્ત્રક્રિયા (Surgeory) છે.

સત્ય માટે સારેલા વેદનાનાં આંસુ અંતરને અરિસા જેવું સારૂં કરે છે અને તેમાં 'પંથ' દેખાય છે.

આરામ ખુરશી ઉપર પંખા નીચે બેસી પરબ્રહ્મની

વાતો કરનાર ચર્મચક્ષુવાળો જ છે. ચર્મચક્ષુવાળો સંસાર જ વધારે છે.

વિરહનું એક સળગતું આંસુ વહાવનાર દિવ્ય-ચક્ષુવાળો છે.

**સંભવદેવ તે ધૂર સેવો રે,**
**અભય અદ્વેષ અખેદ.**

ભોગનું પરિણામ ભયભીત, દ્વેષી અને ખિનીચિત્ત છે. યોગનું પરિણામ એવું એક ચિત્ત છે જે અભય છે અદ્વેષ છે અખેદ છે.

યોગનું પરિણામ થતાં પ્રાથમિક ચિહ્નો આ પ્રગટે છે. ભાવ તંદુરસ્તીની એ પ્રથમ લાલી છે. પ્રાણમાં તારુ-ણ્ય આવવાના એ નિશાનડંકા છે.

આપણું ચિત્ત ત્યારે ભયરહિત, દ્વેષરહિત, અને ખેદરહિત થાય છે.

ચિત્તની ચંચળતા તેજ ભય છે. આપણને ભય છે કે મારૂં આ સુખ ચાલ્યું જશે તો? સુખ તો છે જ નહિ. માત્ર સુખાભાસ છે. અને તેનીય વળી વિહ્વલતા છે કે આ નકલી સુખ પણ મને તરછોડશે તો?

જ્યારે પરમાત્મ તત્વ સાથે યોગની ભૂમિકા ઊપર વ્યવહાર શરૂ થાય છે. ત્યારે તે સુખદુ:ખથી પેલીપાર

રહેલ એક આનંદ અનુભવે છે. અતીંદ્રિય તૃપ્તિની પરમઝલક તે મેળવે છે. અને તૃપ્તિને તાકાત છે. તાકાત છે ત્યાં ભય નથી. આ યોગલબ્ધ આત્માનંદનું સંવેદન તેને સમજાવે છે કે સંભવદેવની ચરણસેવાથી પ્રગટતી નિર્ભય આનંદ ધારા જ મેળવવા જેવી છે, શ્રદ્ધા કરવા જેવી છે. બહાર ગમે તે થાય. કશુંક ભલે ઉગે અને કશુંક ભલે આથમે, કશુંક ભલે વધે કે ઘટે, બહાર ભલે શાંતિ થાય કે ક્રાંતિ થાય—તેનું રૂવાટું પણ ફરકતું નથી કારણ તે નિર્ભય છે. અંતરનો અમૃતસ્વાદ તેને લીધો છે.

બહારનું બધું ખસી જશે તો મારૂં શું થશે તે ભય છે. ડુંગરને ભય છે કે આ તરણાની ઓથ ખસી જશે તો હું તૂટી પડીશ. સંસારના પદાર્થો એક પછી એક આપણને છોડતા જાય છે તેમ તેમ અપૂર્ણ થવાને આપણને ભય વધતો જાય છે.

સંભવદેવના ચરણની સેવાથી એ શીખવા મળ્યું કે બહાર અપૂર્ણ થવાથી આંતરમાં પૂર્ણ થવાય છે. પછી અપૂર્ણતાનો ભય કેવો? વસ્તુનું સ્વરૂપ ઓળખાયું પછી ભય કેવો? ખીંટી ઉપર ટીંગાય છે તે પાઘડી છે. માસ્તરનું માથું નથી તે જાણ્યા પછી ભય કેવો? સંભવદેવની ભક્તિથી આંતરજ્ઞાન થાય છે.

જ્ઞાન આવ્યું કે ભય ગયો. અજ્ઞાનનું બીજું નામ જ ભય છે. જ્ઞાનનું બીજું નામ અભય છે. યોગભૂમિમાં પગરણ કર્યાં કે આવું નિર્ભય જ્ઞાનકવચ પ્રગટે છે. ભય હમેશા પારકી વસ્તુમાંથી આવે છે. પોતીકી વસ્તુમાંથી નહિ.

બાળકને ક્યારેય માતાના ડોળાનો ભય નથી. પણ માસ્તરના ડોળાનો તો છે. કારણ માસ્તર ઘરનો નથી. માતા ઘરની છે.

જ્યાં પારકું પોતીકું ગણી બેઠા કે ભય ચિંતા અને નિરાશા આવે છે. પારકામાંથી ખસી ગયા અને પોતીકામાં પ્રવેશ કર્યો કે ભયચિંતા ગયા. આનું નામ જ યોગ છે. સંભવદેવની ચરણસેવા પારકું શું અને પોતીકું શું તેનું સ્પષ્ટભાન કરાવે છે. અને પારકામાંથી ખસી પોતીકામાં પ્રવેશ કરાવે છે. આ રીતે નિર્ભયતાની ચાવી આપે છે.

સંભવદેવ તે સ્વત્ત્વનું—પરિપૂર્ણ પૂર્ણતાનું પ્રતિક છે. સંભવદેવ પારકા નથી પોતિકા છે તે સમજ યોગબળનો પ્રથમ ચમત્કાર છે.

સ્વ અને પરનું ભેદવિજ્ઞાન સ્ફુરે એટલે ચિત્તખેદ અભય બને પરભાવરમણતા, ભય, દ્વેષ, અને નબળાઈની દ્યોતક છે. સ્વભાવરમણતા અભય દ્વેષ અને અખેદની દ્યોતક છે.

યોગ પ્રાગટચનું બીજું ચિહ્ન છે અદ્વેષ. ભયથી દ્વેષ પણ જાય છે. કારણ આત્મા અતીંદ્રિય આનંદથી તૃપ્ત થયો છે.

પોતે સુખી હોય છે તે બીજા પ્રત્યે દ્વેષ નથી કરતો. દુઃખી માણસ જ બીજાની ઈર્ષા કરે છે; દ્વેષી બને છે. જ્યાં સુધી ભય અને દ્વેષ છે. ત્યાં સુધી યોગની ઉચ્ચતર પ્રક્રિયા શક્ય બનતી નથી.

દરેક શુભ વસ્તુ તેના અવતરણ માટે તેની પૂર્વ-ભૂમિકાની શુદ્ધિ માગે છે.

યોગના મહાત્મ્યો પણ ભય, દ્વેષખેદની અશુચિ. મય ભૂમિકા ઉપર ઉતરી શકતા નથી. આથી જ યોગ-બળના પ્રથમ ચિહ્નો તરીકે આ ભૂમિકાશુદ્ધિ થાય છે. જેને કશાનો ભય નથી, કોઈ પ્રત્યે દ્રેષ નથી અને ને આંતરિક આનંદાનુભવને કારણે થાકતું નથી. તેવા અદ્વેષ અને અખેદ્ ગુણ ધરાવતા ચિત્રમાં જ યોગબળની ઉચ્ચતર પ્રક્રિયાઓ અવતરે છે.

સંભવદેવના સાન્નીધ્યમાં એટલું બધું મળે છે કે બધું જ પછી તૃપ્ત મનને સુંદર લાગે છે.

એ સુંદરતાના પ્રકાશમાં ભય, દ્વેષ કે થાક રહેતો નથી. યોગગ્રસ્ત ચિત્ત નિરંતર યુવાન થતું જાય છે. યોગ

એટલે અમર યૌવન અને ચિર ઉલ્લાસનું મહા રસાયણ. ત્યાં ખેદ થાક ક્યાંથી હોય? નિરંતર વિસ્તારની ક્ષિતિજના અદ્ભુત ઉઘડતાં આશ્ચર્યો એટલી બધી રોમાંચક કંપારીઓ આપે છે કે ત્યાં થાક અને કંટાળો હોતો જ નથી. સંસારના સર્વપાપો આ થાક અને કંટાળામાંથી ઉત્પન્ન થાય છે. યોગના અદ્ભુત ચમત્કારિક આશ્ચર્યો થાક અને કંટાળાનો ધ્વંસ કરે છે.

તે પછી રુચિ પ્રગટે છે. તંદુરસ્તી આવતાં આ જિનભાષિતતત્ત્વો પ્રત્યે તાત્વિક ભૂખ પ્રગટે છે, અને ગુરુ નાનક કહે છે તેમ તે ભૂખ લાગતાં બીજી બધી ભૂખ મરી જાય છે.

આતો યોગની પ્રાથમિક કરામતો છે. આગળના અદ્ભુત આશ્ચર્યોની અને અગણિત ચમત્કારોની તો વાત જ શી કરવી. રાઈના દાણાના દશમા ભાગ જેટલી સમ્યગ્શ્રદ્ધામાંથી યોગપૂર્ણ મળવાનું યોગ સામ્રાજ્ય ખડું કરે છે. આવા અદ્ભુત આશ્ચર્યો યોગમાર્ગે જનાર ઘણા જોઈ શકે છે.

એટલે સુધી પ્રગટે છે કે પુદ્ગલ પ્રત્યે પણ તેમને દ્વેષ નથી. પૂ. ઉમાસ્વાતીજી મહારાજે તત્ત્વાર્થસૂત્રમાં પુદ્ગલના પણ ઉપકાર ગણાવ્યા છે. પુદ્ગલના પરમાણુઓનું પણ અધ્યાત્મીકરણ તેમણે કર્યું છે. પ્રત્યેક પદાર્થને

સંભવદેવની ચરણસેવામાં કેમ લગાડી દેવો તે રહસ્ય કળા જ યોગ છે. વૈભાવિક પદાર્થ પ્રત્યે પણ દ્રેષ જતો રહે છે. કારણ યોગી અનુભવે છે. કે કોઈ ક્યાંય કશાનું વિરોધી નથી. બધું જ બધાનું પૂરક છે. નદીના કાંઠા પણ એ માટે છે કે નદીનો પ્રવાહ આગળ વધી શકે. વિભાવદશા પણ સ્વભાવદશા પ્રત્યે જીવનવહેણને આગળ ધક્કો મારવો છે. આથી પરપરિણતિ પ્રત્યે પણ અદ્રેષ છે.

યોગીઓનું બેન્ક બેલેન્સ શું? આત્મસંવેદનના સાત્ત્વિક કંપનો–તે જ તેમની માયામુડી.

તે સાત્ત્વિક કંપનો (અંગ્રેજી : પોઝીટીવ વાઈબ્રેશન્સ નો ગુણાકાર (અં. ચેઈન રીએકશન) થાય છે.

પ્રયોગનું સરૂપી પરિણામ મળતું જાય છે તેમ તેમ તે થાકતો નથી. ખેદ ચાલ્યો જાય છે. તેનું ચિત્ત અખેદ દશા અનુભવે છે.

આપણામાં કહેવત છે કે હાર્યો જુગારી બમણું રમે અહીં એ કહેવત થોડીક બદલાવીને એમ કહી શકાય કે જીત્યો યોગી બેવડું રમે. બેવડો દાવ મૂકે. જેમ જેમ તેનામાં ચૈતન્યપ્રદેશના નવા નવા થરો ખુલતા જાય છે તેમ તેમ વધુ ને વધુ બેવડી તાકાતથી તે જગમેદાને પડતો જાય છે. નવી નવી તૃપ્તિઓ નવી નવી પ્રાપ્તિનું

બળ તેને આપે છે અને તેથી તેની સમગ્ર તાકાત યોગમાં લગાડતા તે થાકતો નથી. તેનું ચિત્ર અખેદ બને છે.

આ રીતે સંભવદેવની ચરણસેવાથી ભક્તિયોગમાં પ્રવેશ કરેલ ચિત્ત સૌ પ્રથમ જ અભય અદ્વેષ અને અખેદ બને છે.

# પ્રકરણ ત્રીજું

# શ્રીમદ્ આનંદઘનજીના

# જીવન પ્રસંગો

**એ**કવાર શ્રીમદ્ આનંદઘનજી આબુની ઉપર સમાધિરસની પ્યાલીઓ ગટગટાવી અદ્ભુત નશા કેફથી ચકચૂર બની ગુફામાંથી બહાર નીકળ્યા, ત્યાં સામેથી રાણીએ અભિવાદન કર્યું.

**"ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે,**
**ઓર ન ચાહુ રે કંત."**

આ પ્રેમમાધુર્યમાં ખોવાઈને અધ્યાત્મની મુદ્રા વરેલા, સમ્રાટોના સમ્રાટની અદાથી મ્હાલી રહેલા અવધૂત–સ્રીને જોતાં જ નતમસ્તકે થંભી ગયા.

"મહારાજ, હું જોધપુરની રાણી છું. આપના ચરણમાં એક વિનંતિ કરવા આવી છું. રાજા સાહેબ મારી સામું પણ જોતા નથી. આપ કશોક દોરો ધાગો કે મંત્ર આપો, જેથી તેઓ મારી સામે જોતા થાય. –મારા અંગુઠા નીચે તેઓ દબાયેલા રહે અને મારી ટચલી આંગળી ઉપર નાચે."

અવધૂત આનંદઘનજી તો ઉદાસીન હતા. (उत् +

આસન = ઊંચે બેસવું.) સંસારના સર્વ પ્રપંચોથી ઊંચે જઈ બેઠા હતા. આ ઉદાસીનભાવ ચિત્તપ્રસન્નતા જ–યોગ સાધનાનું ચરમ લક્ષ્ય છે.

જોધપુરની રાણીની વિનંતિ સાંભળી તેમના મુખ ઉપરની એક પણ રેખા બદલાઈ નહિ. પ્રશાંત મનનું જ્વલંત તેજ તેમના સ્થિર લોચનમાંથી વરસી રહ્યું હતું. તેમાં જરાય ઓટ ન આવી. કશું પણ બોલ્યા વિના તેઓ જતા રહ્યા.

રોજ રાણી પતિ રીઝવવાના હેતુથી ત્યાં આવે. વિનંતિ કરે. આનંદઘનજી ઉદાસીન ભાવે તે સાંભળે અને એ જતા રહે.

આખરે એક વાર આનંદઘનજીએ રાણીને કશુંક લખીને કાગળની કટકીમાં આપ્યું. રાણીએ ગળાના તાવિજમાં બાંધીને તે કટકી પહેરી લીધી.

યોગાનુયોગ, ત્યારથી રાણીનું ભાવિ બદલાયું. રાજા તેના વશમાં રહેવા લાગ્યો. રાણી મરણ પથારીએ હોય તો પણ જે રાજા તેના શયનગૃહમાં દાખલ ન થતો તે હવે રાણીની પથારીની ચાદર અને ઓશિકાંની ખોળો હાથે પાથરવા લાગ્યો. પહેલાં જે રાજા રાણીને લાતો મારતો, તે હવે તેને મોજડી પહેરાવવા લાગ્યો. પહેલાં

જે રાજા રાણીને દેખતાં આંખો મીંચતો, અને નાક મરડતો, તે હવે ખાતાં પીતાં ઊઠતાં બેસતાં તે જ રાણીનું નામ હોઠે બેસાડતો !

આથી બીજી રાણીઓમાં અદેખાઈ જાગી. સૌએ ભેગા મળી વિચાર્યું કે કોઈ જોગી–જતિએ દોરો મંત્રી આપ્યો લાગે છે.

એક વિશ્વાસુ દાસી બાતમી લાવી કે આબુના આનંદઘન યોગીએ તેને કાગળની કટકીમાં કાંઈક લખી આપ્યું છે અને રાણી તે ગળાના તાવિજમાં બાંધીને ફરે છે. રાજાના વશીકરણનું એ જ મુખ્ય કારણ છે.

બધી જ રાણીઓએ વારંવાર રાજાના કાન ભંભેર્યા. રાજાને કુતૂહલ થયું.

એક વાર પેલી રાણી તેના ખભે માથું ઢાળીને બેઠી હતી. ત્યાં અચાનક જ રાણીના ગળામાંથી તાવિજ ખેંચી કાઢી ખોલીને જોયું. અંદર કાગળની નાનકડી ચબરખી હતી. રાજાએ વિચાર્યું કે તેના આ રાણી પ્રત્યેના આંધળા પ્રેમનું મૂળ શું આ કાગળની કટકીના બે ચાર શબ્દોમાં છે? અને કાગળની ચબરખી તેણે વાંચી અને હસી પડ્યો. "ધન્ય યોગીરાજ! ધન્ય છે તમને!"

કાગળની કટકીમાં આનંદઘનજીએ લખ્યું હતું કે

"રાજા રાણી દો મિલે યા ના મિલે, ઈસમેં આનંદઘન કું ક્યા ?"

—રાજા-રાણી મળે કે ન મળે તેમાં આનંદઘનજીને શું ?

ખરે જ મોહથી ઘેરાયેલું વિશ્વ ગબડી પડે કે ઉછળે–યોગમસ્તીમાં ચકચૂર પડેલ અવધૂતને તેમાં શું ?

* * *

**આબુની** સુંદર નિસર્ગશ્રીના ખોળે ઋષભ પ્રીતમની પ્રેમમદિરાના બાટલા ચઢાવી આનંદઘનજી દિવ્ય સમાધિમાં પડ્યા રહેતા.

લીલીછમ ગીચ ઘટાઓ હતી. પાસે ઝરણું હતું. નીલરંગી આકાશ હતું. કવિને કાવ્ય રચવા જોઈતા સઘળા પ્રકૃતિના સુંદર પદાર્થો આજુબાજુ વેરાયેલા હતા.

આનંદઘનજી સ્વરચિત પદો ગાતા હતા.

શુદ્ધ ચેતનતત્ત્વની મોજ ઉડાવી રહ્યા હતા. જાણે કે એ પહાડ આધ્યાત્મિક દામ્પત્યનું શયનગૃહ બની ગયો હતો. ભીષણ એકાંત અને રમ્ય મસ્તી! કોઈનીયે ખલેલ નહોતી.

ત્યાં અચાનક એક માણસ બાટલી લઈને આવ્યો! આનંદઘનજીના પગમાં બાટલી મૂકીને બોલ્યો : "તમારી

સાથે પૂર્વે સાધના કરતા બાળમિત્ર ઈબ્રાહીમે આ રાસાયણિક સિદ્ધિભરી શીશી તમને ભેટ મોકલી છે. આ શીશીનું એક ટીપું નાંખતાં પત્થર સોનુ બનશે. દુનિયા આખી તમારે શરણે ઝુકી જશે. કારણ આ આખી દુનિયા જેની ઉપર ઊભી છે તે સુવર્ણ તમે આ શીશીના એક ટીપામાંથી બનાવી શકશો.

આમ બોલીને મુસલમાને એક ટીપું પત્થર ઉપર રેડ્યું અને ખરેખર, પત્થરનો ટુકડો સોનું બની ગયો.

આનંદઘનજીના શાન્ત નયનમાં એક વેદનાની રક્ત-રેખા પળભર ઝબકી. બીજી જ ક્ષણે અસલ શાંતિ વ્યાપી ગઈ. તેઓ સ્તબ્ધ ઊભા હતા. સોનાને શું તે સોના રૂપે જોતાં હતાં કે માટી રૂપે? અસલ સોનું તેઓ કોને માનતા હતા? એમના મંતવ્ય મુજબ તો પ્રીતમના સહવાસની પ્રત્યેક ક્ષણ કુંદન છે. બીજું બધું જ કથીર!

"હવે મને જવાની રજા આપો! મારા માલિક ઈબ્રાહીમને હું શું કહું?"

આનંદઘનજી કાળમીંઢ પત્થરની શિલા ઉપર ઊભા હતા. તેઓ બોલ્યા, "જો તું આ જોતો જા, અને કહેવા જેવું લાગે તો તારા માલિકને કહેતો જા!" એટલું કહેતાં તો સુવર્ણસિદ્ધિની શીશી દૂર ફગાવી

દીધી! સામેના ઝાડ સાથે શીશી અફળાતાં તેના ટુકડે ટુકડા થઈ ગયા.

મુસલમાન નોકર તો આ જોઈ રાડ પાડી ઊઠ્યો, "અરે સુવ્વર! બેવકૂફ! નાલાયક! તને કાંઈ ભાન છે કે નહિ? તેં કેટલું બધું ગુમાવ્યું છે? કાગડાના કંઠે રત્ન કે ભીલડીની મુઠ્ઠીમાં મોતી આવ્યું તોય શું?" મુઠ્ઠીઓ ઉગામી રોષપૂર્ણ નજરે આનંદઘનજી સામે તે થૂંક ઉડાવવા લાગ્યો.

આનંદઘનજી તો શાન્ત પ્રશાન્ત ઉપશાન્ત હતા. જે કાળમીંઢ શિલા ઉપર તેઓ ઊભા હતા ત્યાં તેમણે લઘુશંકા કરી. અને તેમના પેશાબથી કાળી પત્થરની પાટ સુવર્ણની થઈ ગઈ!

મુસલમાન નોકર આંખ ફાડીને જોઈ રહ્યો. આધાર વિનાની લાકડી પડે તેમ તે આનંદઘનજીના પગમાં પડી ગયો. તેના મનમાં એક જ વિચાર ઘૂમતો હતો કે જેના મળ–મૂત્રમાં દુનિયાની ગરીબાઈ હરવાની તાકાત છે તેના મગજ અને હૃદયમાં કેવું ઉત્તમ 'સોનું' પડ્યું હશે?

* * *

**આબુના** પહાડ ઉપર અચળગઢની ગુફાઓ છે.

ઉ. યશોવિજયજી આનંદઘનજીને શોધવા આવી ચુક્યા છે. કારણ તેઓ જાણતા હતા કે યોગીઓના યોગ જ જર્જરિત થયેલ ધર્મને નવું જોમ આપશે.

યશોવિજયજી આનંદઘનજીને દૂરથી આવતા જુવે છે.

યોગીરાજના મુખકમલ ઉપર ઓજસનો ફુવારો છે. માર્ગમાં ગાતા ગાતા ચાલ્યા આવે છે.

યોગીરાજની આંખમાં 'અકળ' 'અલખ' ની સૂઝ છે.

યોગૈશ્વર્યનો ઝળહળાટ તેમના અંગેઅંગમાંથી નીતરે છે.

ઐશ્વર્ય, સૌંદર્ય અને માધુર્યની અલૌકિક રસ-જમાવટથી તેમના હોઠો તૃપ્ત થયા છે. ઉપાધ્યાયજી આનંદઘનજીના ચરણમાં માથુ ઝૂકાવી પડી રહ્યા.

આનંદઘનજીએ તેમને ઊભા કર્યા.

યશોવિજયજીએ પૂછ્યું—

**"આનંદ કોણ કોણ આનંદઘન**
**આનંદ રૂપ કોણ લિખાવે?"**

આનંદઘનજી! આ આનંદનો ગુણ કોણ મેળવી શકે?

આનંદઘનજીએ યોગમસ્તીમાં આંખો મીડીને જવાબ આપ્યો.

**"સહજ સંતોષ આનંદગુણ પ્રગટત**
**સબ દુબિધા મિટ જાવે."**

—સહજ સંતોષ જેને પ્રાપ્ત છે તે આ આનંદ-ગુણ પ્રગટાવે છે.

જાણે કે યોગીરાજે તેમનો સાધનાનો અમૂલ્ય ભંડાર રસકુંચીથી ખોલી દીધો.

આનંદઘનજી થવા માટે સહજ સંતોષનો ગુણ ખીલવવો પડશે. સંતોષ પણ સહજ જોઈએ. નીતિના સઘળા ગુણો સહજ જોઈએ. આજે તો નીતિ તે તકનો અભાવ થઈ ચુકી છે. Morality is lack of opportunity.

ચક્રવર્તી તેના છ ખંડ છોડે છે—ચૌદ રત્નો નવનિધિ અને છન્નુ કરોડ ગામો છોડે છે. જે છે, અને જે છોડે છે, તેનો સંતોષ સાહજિક છે.

જે સહજ સંતોષી છે તે વૃત્તિરૂપ નહિ પણ સ્થિતિ-રૂપ સમાધિ મેળવી શકે છે. તેની સમાધિ ચોવીસે કલાકની નિરંતર છે. બારી બારણાં જેમ બંધ ઉઘાડ થાય તેવી વૃત્તિરૂપ સમાધિ તેની નથી. શ્રી અરવિંદની ભાષામાં કહી શકાય Where whole life is yoga." —જ્યાં સારુંય જીવન એક અખંડ યોગ છે. જીવનને

યોગ અને ભોગ એમ બે ખાનામાં વ્હેંચી ન શકાય. કાં તો સળંગ ભોગ, કાં તો અખંડ યોગ. વિકૃત લોભમાંથી સહજ સંતોષ તરફ–તે છે આનંદઘનજીનો સાધના માર્ગ.

* * *

**ઉપાધ્યાય** યશોવિજયજી વ્યાખ્યાન આપી રહ્યા છે. વ્યાખ્યાનગૃહ ખીચોખીચ ભરાઈ ગયું છે. અધ્યાત્મના એક શ્લોક ઉપર તેઓ વિવેચન કરી રહ્યા છે.

સૌ કોઈ ઉપાધ્યાયજીની પ્રચંડ વિચાર પ્રતિભાના વિદ્યુત્ તરંગોમાં ઝબોળાયાં છે. કોઈ મુગ્ધ ભાવે માથું હલાવે છે, કોઈ પૂજ્ય ભાવે માથું નમાવે છે, કોઈ હાથ જોડી વિવેક વાકય ઝીલતા ગણગણે છે, "હે મહાજ્ઞાની! તારા અમૃતકુંભનો એકાદ છાંટો પણ અમને પાવન કરે છે."

વ્યાખ્યાન પૂરું થાય છે.

વ્યાખ્યાનગૃહ અહોભાવથી ગુરૂજી સમક્ષ જોઈ રહ્યું છે. ગુરૂજી વ્યાખ્યાનગૃહ તરફ કોમળ વાત્સલ્ય ભાવે જોઈ રહ્યા છે. ત્યાં ઉપાધ્યાયજીની નજર સભા-ગૃહમાં બેઠેલા એક વૃદ્ધ સાધુ ઉપર પડી. જાણે કે કાષ્ઠસ્થંભ જેમ તેની ઉપર કશાની કશી જ અસર નથી

પડી. જાણે કે તે વૃદ્ધે વ્યાખ્યાન સાંભળ્યું જ ન હોય તેવો કોરા કાગળ જેવો નિર્લેપભાવે તે બેઠો હતો.

યશોવિજયજીએ પૂછ્યું, "કેમ મહાનુભાવ! અધ્યાત્મના શ્લોકના આ વિવેચનની કાંઈ ગતાગમ પડી છે કે?"

વૃદ્ધ સાધુ માથું નમાવી બેસી રહ્યા. ન બોલ્યા, ન હાલ્યા, ન ચાલ્યા.

વ્યાખ્યાન મંડપ હસી પડ્યો. શું આ વૃદ્ધ બહેરો હતો? શું આ વૃદ્ધ અભણ હતો? એક જણે તો વૃદ્ધને ઢંઢોળીને કહ્યું, "ગુરૂજી, મહારાજ! તમને પૂછી રહ્યા છે. જવાબ આપો!"

તે વૃદ્ધ સાધુએ ઊંચું જોયું, તેમના મુખનું નૂર ઉપાધ્યાયજીએ પ્રથમવાર જોયું. તેઓ ચોંકી પડ્યા.

વૃદ્ધ સાધુ બોલ્યો, "અધ્યાત્મના આવા ઉચ્ચ શ્લોકનું આવું નીચું વર્ણન! છી છી! આ તો બાળ-પોથીની પ્રથમ શ્રેણી ક ખ ગ છે. હજી તો ઘણા ડુંગરો ઓળંગવાના છે. ઘણા ઝરણાં પાર કરવાનાં છે ઉપાધ્યાયજી!"

સભા સ્તબ્ધ થઈ ગઈ. વૃદ્ધના અવાજમાં યોગીના સ્વરની અમાપ સત્તા હતી.

ઉપાધ્યાયજી તે વૃદ્ધ સાધુ સામે સ્થિર નેત્રે પળ-ભર જોઈ રહ્યા. બોલવાની આ ખુમારી! મ્હોં ઉપરનું આ ઉજાસ! આનંદઘનજી સિવાય આ બીજું કોઈ હોઈ ન શકે!

આનંદઘનજી વિષે તેમણે ઘણું ઘણું સાંભળ્યું હતું. પણ નજરે જોવાનો આ પહેલો પ્રસંગ. તેમના જીવનની મોટી એક મહેચ્છા આ યોગીશ્વરની રસમસ્તીથી ધોવાઈ જવાની હતી. યશોવિજયજીને કોઈ શંકા ન રહી કે આ યોગીશ્વર આનંદઘનજી જ છે.

યોગનો મહાપ્રભાવ શું છૂપો રહી શકે? છાબડીથી મેરૂ ઢાંકી શકાય? માટીના ઢેફાથી સૂરજને ઓલવી શકાય? ઉપાધ્યાયજી પાટ ઉપરથી ઊઠીને યોગીરાજના ચરણમાં ઝૂકી પડ્યા અને કહ્યું, "આનંદઘનજી! મને ક્ષમા કરો. મહાયોગીના યોગને ઓળખવા જેટલી પાકટ વય મારી પાકી નથી. હું હજું બાળ છું અને આપને અમો સર્વેની વિનંતિ છે કે મેં વિવેચન કરેલ શ્લોક ઉપર આપ આપની વાણીગંગા વહેવડાવો!"

સંઘ અને ઉપાધ્યાયજીની વારંવાર વિનંતિથી આનંદઘનજી પાટ ઉપર બેઠા.

અધ્યાત્મના એ શ્લોક ઉપર યોગીરાજ આનંદઘનજીએ

ત્રણ કલાક એકધારું રસવિવેચન કર્યું. ઉપાધ્યાયજી હાથ જોડી તે ઝીલતા ગયા.

દુનિયાની એ કમનસિબી છે કે તેમના તે ત્રણ કલાકના અધ્યાત્મ વિવેચનની કોઈ નોંધ કોઈએ તે કાળે કરી નહિ.

ચેતન અને ચેતનાના અનુભવ મિલનનું તેમણે યોગમસ્તીથી વિવેચન કર્યું હશે. એ મહાયોગીએ પ્રત્યક્ષ અનુભવેલ–પિયા, પિયુ અને 'મિલન'ની 'હકીકતો' Facts કહી હશે તેમની અદ્‌ભુત જ્ઞાનગંગાને ઝીલવા માટે આપણા વિલાસી હાડકાં હવે લાયક નથી.

તેમનું જ્ઞાન વિગતોનો સમૂહ નહોતો. શુષ્ક હકીકતોનું ગૂંચળું જ ન હતું પણ ઊર્ધ્વ ચેતનાનો પ્રકાશ હતું. અંતર્દૃષ્ટિનો ઉઘાડ થતા બ્રહ્માંડનું જે રહસ્ય દર્શન થાય છે તે તેમાં હતું.

એક પૂર્ણ અધ્યાત્મી 'અધ્યાત્મ ઉપર બોલે છે ત્યારે સૌને અધ્યાત્મનો કેવો સ્પર્શ થાય છે?

આત્મસાક્ષાત્કારની પૂર્ણ પળો.

અતીંદ્રિય તૃપ્તિ.

અને અધ્યાત્મ શ્લોકનું છટાદાર વિવરણ.

પછી બાકી શું રહે?

હા! બાકી રહે વીસમી સદીના માનવીઓ! જેઓને હવા માટે સેનેટરીયમની જરૂર રહે છે અને પાણી પીવા મ્યુનીસીપલ ટાંકીઓની જરૂર રહે છે. જેઓને જીવવા માટે પરદેશી દવાઓની જરૂર રહે છે.

* * *

**આનંદઘનજીને** સખ્ત તાવ આવતો હતો. કોઈ વ્યક્તિ મળવા આવી, અને વાતે વળગી. આનંદઘનજીએ ઉત્તરીય વસ્ત્ર ખસેડી બાજુમાં મૂક્યું અને બેઠા થઈ તેઓ પણ વાત કરવા લાગ્યા.

થોડીક વારે પેલી વ્યક્તિની નજર બાજુમાં પડેલા થરથર ધ્રૂજતા ઉત્તરીય વસ્ત્ર પર પડી. આ વસ્ત્ર એની મેળે ધ્રૂજે છે કેમ? અને તેણે આનંદઘનજીને પ્રશ્ન કર્યો–"આ વસ્ત્રમાં શું જીવ આવ્યો છે યોગીરાજ."

"ના ભાઈ! જીવ નથી આવ્યો. અજીવ ક્યારેય જીવ થતું નથી, પણ મારા તાવના પુદ્ગલો મેં આ વસ્ત્રમાં પૂરી દીધા છે જેથી આપણે બે સારી રીતે વાત કરી શકીએ."

પેલી વ્યક્તિ આ વાત સાંભળી હેરાન થઈ ગઈ. તે વિચારવા લાગ્યો–આ આનંદઘનજી શું ન કરી શકે?

યોગી એટલે સ્થળ, કાળ અને પરમાણુ ઉપરનુ

પ્રભુત્વ. તે માત્ર સંકલ્પ કરે અને દુનિયાનો પ્રવાહ ધાર્યો વળાંક લે.

નિસર્ગનું મહાશાસન તેની સામે અદબવાળી ખડું રહે અને વિનવે, "આજ્ઞા કરો યોગીરાજ. તમે ઊંઘાડશો તો ઊંઘી જઈશ, જગાડશો તો જાગીશ. જા કહેશો કહેશો તો જઈશ, આવ કહેશો તો આવીશ."

આનંદઘનજી મહારાજ આવા યોગી હતા.

* * *

**યોગીરાજ** આનંદઘનજી માર્ગમાંથી પસાર થતા હતા. ગાડાની ધૂંસરી જેટલો સાડા ત્રણ હાથ માર્ગ દૃષ્ટિથી ઈર્યા સમિતિ પ્રમાર્જતા ઈર્યા સમિતિ પાળતા તેઓ ચાલ્યા જતા હતા. ષટ્કાય જીવ રક્ષાનો ઉપયોગ તેમને શુદ્ધ ચેતનનું સંવેદન કરાવતો હતો.

ત્યાં બાજુમાંથી એક સરઘસ પસાર થયું.

એક સ્ત્રી સતી થવા જતી હતી. કપાળે સિંદૂર હતું. ગળામાં કરેણની માળા હતી. આકાશ ચીરી નાખે તેવી મુંગી વેદના ભરી નજર નાખતી હતી પાછળ કોઈ મોટો ઉત્સવ હોય તેમ ઢોલ ત્રાંસા વાગતાં હતાં.

યોગીરાજને જોઈ તે સ્ત્રીએ પગમાં પડીને કહ્યું.

"બાવાજી! મને આશીર્વાદ આપો—હું સતી થવા જાઉં છું"

"અરે બહેન! તું સતી શા માટે થાય છે?"

"કારણ મારા પતિ વિના હું જીવી શકું તેમ નથી. તેઓ જ્યાં પહોંચ્યા છે ત્યાં મારે પહોંચવું છે. હું તેના વિના ન જીવી શકું તેના કરતાંય વધુ સત્ય એ છે કે તેઓ ત્યાં મારા વિના જીવી નહિ શકે. એટલું તો તેઓ મને ચાહતા હતા, એમ કહેતાં તો તે સ્ત્રી ધ્રુસકે ધ્રુસકે રડી પડી."

તેના બે ત્રણ સંબંધીઓએ કહ્યું "મહારાજ! તેને કાંઈ સમજાવો. અમે ઘણું સમજાવ્યું તે માનતી નથી અને કહે છે મારે સતી થવું છે."

આનંદઘનજીએ તે બાઈને મૃદુ સ્વરે કહ્યું "બહેન! હું તારો પતિ પાછો લાવી દઉં તો?"

આંસુ લૂછી તે બાઈ બોલી "તો તો હું સતી નહિ થાઉં. જીવતાં બળવાનો મોહ મને કાંઈ થોડો જ છે?"

"તું પાછી ફર, ફક્ત ત્રણ દિવસમાં તને તારો પતિ પાછો મળશે."

"અને ન મળે તો?"

" તો સતી થઇ જજે. "

આનંદઘનજીએ તે સ્ત્રીના કાનમાં ધીમેથી ગુરૂમંત્ર ફુંક્યો. અને બેચાર ગુપ્ત વાક્યો કહ્યાં.

સરઘસ વીખરાઇ ગયું. ત્રણ દિવસ વીતી ગયા. ત્રીજે દિવસે પ્રસન્નમુખે તે સ્ત્રી યોગીરાજ પાસે આવી

" તારો પતિ તને મળ્યો બહેન ! "

" હા ! ગુરુદેવ ! મારો પતિ મને મળી ગયો છે ! મારૂં પરમ સૌભાગ્ય સદા માટે ખુલી ગયું છે. "

સૌ કોઈ પૂછે છે " એ બહાવરી ! તારો પતિ ક્યાં છે ? "

અને તે પ્રસન્નતાથી કહે છે " મારા હૃદય કમલની કર્ણિકામાં. "

" ક્યાં છે ? બતાવને ? "

" જે તેને શોધે છે તેને તે મળે છે. "

" એતો મન મનાવવાની કેવળ વાતો જ ! "

" ના ! આ કેવળ વાત જ નથી. અનુભવ છે. મારા શ્વાસનો પણ તે શ્વાસ છે એટલો તો તે નજીક છે. "

સૌ કોઇ તેના પ્રસન્નમુખ સામે જોઈ માથુ ખંજવાળી ચાલ્યા જતા.

*        *        *

**શ્રી શત્રુંજય** ઉપર ભાવથી આનંદઘનજી એક દહેરામાં પ્રભુ સન્મુખ સ્તવનો રચતા જતા હતા અને ભાવથી ગાતા જતા હતા. અને તેમનો ભાવ માત્ર હોઠનો નહોતો, પણ હૈયાનો હતો; નાભિનો હતો.

પ્રથમ જિનેશ્વરના સ્તવનની રચના કરીને ગાયું. ગાતાં ગાતાં તેમને રોમાંચક ધ્રુજારીઓ થતી હતી જે મારવાડીને સોનાની થેલી મળતાં થાય અને બ્રાહ્મણને લાડુ મળતાં થાય. કોઈ નારીને તેના 'સૌભાગ્ય'ના સ્પર્શથી થાય !

બીજા જિનેશ્વર, ત્રીજા જિનેશ્વર, એમ સહુને અનુલક્ષીને સ્તવન બનાવતા ગયા અને આંસુની આજીજીથી ગાતા ગયા.

ત્રેવીશ જિનેશ્વરના સ્તવનો ત્યાં એકજ બેઠકે, એકજ આસન મુદ્રામાં રડતાં રડતાં ગાતા ગયા અને મોહનીય કર્મની ફજેતી કરતા ગયા.

ત્યાં તો તેમની નજર પાછળ ગઈ.

એક વ્યક્તિ તેમના ત્રેવીશે સ્તવનો ઉતાર્યે જતી હતી. તેઓ ગાતા હતા તે પોથીમાં પકડવા એક વ્યક્તિ કલમ ચલાવતો હતો.

મહાયોગી આનંદઘનજી ત્યાંથી તુરત જ ઉભા થઇ ગયા. અને ચાલ્યા ગયા.

ચોવીશમા જિનનું સ્તવન રચવું રહી ગયું. શું તેઓ રિસાઈ ગયા હતા? કે પછી નિસર્ગના મહાનિયમનો સાદ સાંભળી જગ્યા છોડી ગયા?

સાધના હમેશા ગુપ્ત જ હોવી જોઈએ. એમાંય જ્યારે અત્યન્ત ઉચ્ચ કક્ષાની સાધના હોય છે ત્યારે બોર ગુંદા જેમ તે ખુલ્લા ટોપલે માર્કેટમાં 'ભાવ' લેવા પડી નથી રહેતી. નાળિયેર બદામ જેવા ઉત્તમ ફળ જેમ ગુપ્તતાનું તેને કવચ હોય છે. નિસર્ગનો આ મહાનિયમ છે. ઉંડાણ લાવો. વિસ્તાર આવી જશે. The law of extension and Dimension. આપણે વિસ્તાર લાવવા મથીએ છીએ ઉંડાણની પડી નથી. નિસર્ગના અનુશાસનની વિરુદ્ધ જનાર માટે શિક્ષા છે. The law of punishment છે.

જિનભક્તિ આનંદઘનજીની અંગત માલિકીની હતી. તેના સાર્વજનિક રીપોર્ટની તેમને જરૂર ન્હોતી. પ્રિયતમાના શયનખંડનો ઇતિહાસ કાંઈ છાપાઓમાં છપાવવા માટે નથી. ભક્તિ કોઇ બજારૂ પદાર્થ નથી. તે તો અંતરતમ પવિત્રતા છે. જીવનમાં જેને આપણે અત્યંત પવિત્ર માનીએ છીએ તેને આપણા અંતરતમ પટારામાં ભાવથી પૂરી રાખીએ છીએ. હિંદુ પત્નિ આથી જ તેના પતિનું નામ હોઠ ઉપર લેતી નથી.

સોહાગ રાતની શયનખંડની રાણીને પૂછો કે તારો પલંગ ફલોરા ફાઉન્ટનની ભીડમાં ખસેડીએ તો ?

નિર્મળ પ્રેમ ચાહે છે નિર્ભેળ એકાંતની મૌનમસ્તી.

પિયુના સહવાસમાં ઉન્મત્ત બનેલીને બહારની દખલગીરી ન જોઈએ.–તે પરવડે જ નહિ. પતિ ખંડમાં દાખલ થયો કે પ્રિયતમ સખીની હાજરી પણ પત્નિને ઝેરી નાગ જેવી થઈ પડે છે.

પ્રેમની તે પ્રતિજ્ઞા છે. બેઉ મળીને એક થશું. વચ્ચેના અંતરાયો તેમની તે પ્રતિજ્ઞાની હોળીમાં રાખ થાય છે. આનંદઘનજીને આથી જ તેવીશ સ્તવનો લખી જનાર આકરો લાગ્યો. લખવું, બોલવું, વાંચવું, ચર્ચા કરવી, સન્માન પામવું–આ બધું જ્યાં સુધી પ્રેમની ક્ષણો આવતી નથી ત્યાં સુધી.

પ્રેમની ક્ષણ આવી, પછી બધું ખારું લાગે છે. ગોવિંદ વિના મીરાંને આખું જગ ખારું લાગ્યું તેમ.

* * *

## આનંદઘનજી વિષે

આ જાતનું જમાલનું પદ છે–

યા તનકી ભઠ્ઠી કરૂં મનકું કરૂં કલાલ,
નૈંણેકા પ્યાલા કરૂં–ભરભર પિયુ જમાલ.

સંભવ છે આનંદઘન મારવાડ દેશમાં જન્મ્યા હોય અને ગુર્જર દેશમાં દિક્ષા ગ્રહણ પછી ઘણાં વર્ષ રહીને ચોવીસીની રચના કરી હોય. એમ અનુમાન થઈ શકે છે કે પહેલાં ચોવીશી રચી હોય અને પછી પદો રચ્યાં હોય. તેમનું મૂળ નામ આનંદઘનજી હતું. એમના પદો લગભગ હિન્દુસ્થાની મિશ્રિત મારવાડી ભાષામાં રચાયેલ છે.

જેમ શ્રીકુંથુનાથના સ્તવનમાં " મારૂં સાળું " શ્રી નેમીનાથ સ્તવનમાં ' ચતુરાઈ ' શ્રી મલ્લિનાથ સ્તવનમાં ' ઓધા ' વિ. શબ્દોથી જણાય છે. ગુર્જરી ભાષા કરતાં પણ તેઓને મારવાડી ભાષાનું પ્રભુત્વ વિશેષ હતું.

અધ્યાત્મ જ્ઞાનના ચકચૂર નશામાં ગળાબૂડ છતાં ક્રિયાનયને ઉત્થાપ્યો નથી. કયારેક જ્ઞાનનયની પ્રધાનતા કરી છે. કયારેક ક્રિયાનયની.

સંગીતનું જ્ઞાન આનંદઘનજીનું અદ્ભુત હતું.

વેલાવલ, ટોડી, સારંગ, ગોડી, અભઇઓ, વેસાવેસ, જયજયવંતી, કેદારો, આશાવદી, વસંત, વટ, સોરઠ, માલસુરિ, દીપક, માલકોશ, સાપેરી અને શ્રી વિગેરે ભિન્ન ભિન્ન રાગોનાં પદોમાં તેમનું કવન છે.

શ્રી ચિદાનંદજી, શ્રી યશોવિજયજી, શ્રી વિનય-વિજયજી, શ્રી જ્ઞાનવિજયજી શ્રી જીનમુનિ, શ્રી ગુણ-

વિલાસ, રૂપચંદ્ર, હર્ષચંદ્ર, મલુકચંદ્ર અને જ્ઞાનાનંદે પણ અનેક પદો રચેલાં છે. પરંતુ તેઓની કૃતિઓમાં શ્રી આનંદઘનજીની છાયા છે. આનંદઘનજીની જ મસ્તી તેઓને સ્પર્શી હોય તેમ જણાય છે.

શ્રી આનંદઘનજીના પદોમાં ચાર અનુયોગો સમાયા છે.

સ્વ દ્રવ્યા ગુણ પર્યાયમાં રમણતા કરવાનો વ્યવહારૂ માર્ગ આ ચાર અનુયોગ, આનંદઘનજીના ૨૪ સ્તવનો ઉપર ઉ. શ્રી યશોવિજયજી, શ્રી જ્ઞાનવિમલ સુરિજી અને શ્રી જ્ઞાનસાર મુનિ–એ ત્રણેએ બાળાવબોધી ટબ્બો લખેલ છે.

–ગુર્જર કવિ. ભા. ૨. મોહનલાલ દલીચંદ દેસાઈ

શ્રી આનંદઘનજીનો સીમાંતબોધ તીવ્ર હતો. તેઓ શ્વેતાંમ્બર સંપ્રદાયના હતા. ભાષ્ય ચૂર્ણિ, નિર્યુક્તિ, વૃત્તિ, અને પરંપરા અનુભવ એ શ્રી નેમિનાથના સ્તવનમાં ન આવ્યું હોત તો ખબર ન પડત કે તેઓ શ્વેતાંબર સંપ્રદાયના હતા કે–દિગમ્બર સંપ્રદાયના—

શ્રી રાજચંદ્ર મોરબીથી સં. ૧૯૫૫

અઢારમી સદીના મધ્ય ભાગ સુધી તેઓ હતા. ઉત્તર વયમાં મોટે ભાગે તેઓનો મેડતામાં વાસ હતો. ત્યાંજ દેહત્યાગ કર્યો. તેઓ કોઇ આચાર્ય પદવી પામ્યા નહોતા.

ઉ. યશોવિજયજીએ આનંદઘનજીના ૧૨ સ્તવનો ઉપર બાળાવબોધ કરેલો છે.

જ્ઞાનસારજીએ બોહોંતેરીના ચાળીશ પદો ઉપર બાળાવબોધ ટબ્બો લખેલો છે. શ્રી જ્ઞાનસારજી લખે છે કે સં. ૧૮૨૫ થી આનંદઘન ચોવીશી ઉપર મેં વિચાર કરવા માંડયો. અને એ સં. ૧૮૬૬ સુધી વિચારતાં, વાંચતા, અનુભવતાં એ ચોવીશી યથાર્થ સમજાઈ શકી. છેવટે હવે તો દેહ પડશે માટે જેટલું સમજાયું છે તેટલું તો લખું એમ કહી સં. ૧૮૬૬ માં લખ્યું અને ભા. સુદ. ૧૪ પૂર્ણ કર્યા. તેમાં છેવટે પોતે જણાવે છે–

આશય આનંદઘન તણો, અતી ગંભીર ઉદાર
બાલક બાહ્ય પસારીને કરે ઉદધિ વિસ્તાર.

( બુદ્ધિ પ્રભા માસિક. મનિદેપાચંદ્ર ખરતર ગચ્છીય ઈ. સ. ૧૯૨૨ જાન્યુઆરી. અંક ).

તત્વ મિલાથા તત્વમેં, બાજે અનહદ તૂરા

અનહદ તૂર બજાવે–તે યોગની સર્વોત્કૃષ્ટ ભૂમિકા છે.

તન ભાઠી અટવાઈ પીએ કસ, જાગે અનુભવ લાલી

( દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, કથાનુયોગ ) રજુ કરી તેમણે રચ્યો છે.

૧. **"ઋષભ જિનેશ્વર પ્રીતમ મ્હારો રે"** સ્તવનમાં પીડિત ચિત્તને પ્રસન્ન કરનાર પૂજા–તે પૂજા કપટરહિત આતમ અરપણા છે. તે સમજાવ્યું.

૨. અજીતનાથના સ્તવનમાં પરમાત્માનું માર્ગદર્શન અને દિવ્ય વિચાર રૂપ નયનથી જ તે માર્ગ દેખાશે તેમ કહ્યું.

૩. શ્રી સંભવ નાથના સ્તવનમાં તીર્થંકરની ચરણ સેવામાં અભય, અદ્વેષ અને અખેદ ચિત્તને લય કરવું તે વિષે આગ્રહ છે.

૪. શ્રી અભિનંદન પ્રભુના સ્તવનમાં પરમાત્મસ્વરૂપના દર્શનની દુર્લભતા બતાવી છે.

૫. શ્રી સુમતિનાથના સ્તવનમાં ત્રણ પ્રકારનું આત્મ-સ્વરૂપ બતાવ્યું છે.

૬. શ્રી પદ્મપ્રભુના સ્તવનમાં પ્રકૃતિ સ્થિતિ આદિ બંધાદિ કર્મવિભાગને આત્મપ્રદેશમાંથી નિર્મૂળ કરતાં જીવન સરોવરમાં આનંદનું પૂર કેમ આવે છે તે બતાવ્યું છે.

૭. શ્રી સુપાર્શ્વનાથના સ્તવનમાં આત્મ સ્વરૂપના જુદા જુદા પાયાઓને રજુ કરતા વિવિધ અનેક નામો છે.

૮. શ્રી ચન્દ્રપ્રભુના દર્શનમાં અનંત ભવભ્રમણમાં જેને તીવ્ર વિરહ થયો અને હવે જે પ્રાપ્ત થયું તે પ્રભુમુખ દર્શનનો આનંદ ઉલ્લાસ છે.

૯. શ્રી સુવિધિ જીણંદના સ્તવનમાં પ્રભુની દ્રવ્ય અને ભાવપૂજાના પ્રકારો છે.

૧૦. શ્રી શીતળનાથજીના સ્તવનમાં કરુણા, કોમળતા, તીક્ષ્ણતા, ઉદાસીનતા રૂપ પ્રભુના આત્માના વિશુદ્ધ ગુણોનો સમન્વય છે.

૧૧. શ્રી વાસુપૂજ્ય સ્વામીના સ્તવનમાં કર્મ ચેતના, કર્મફળચેતના અને જ્ઞાનચેતનાનું વિશદ ચિત્ર છે.

૧૨. શ્રી વિમલનાથના સ્તવનમાં જિનદર્શનથી થતો હર્ષોન્માદ છે.

૧૩. શ્રી અનંતનાથ ભગવાનના સ્તવનમાં ઉત્સુત્ર વચન ત્યાગ, નિરપેક્ષ વચનનું પાપ અને સાપેક્ષ વચન વ્યવહારનું મહત્ત્વ બતાવ્યું છે અને દેવગુરૂ ધર્મની શુદ્ધિનો ઉપાય બતાવ્યો છે.

૧૪. શ્રી ધર્મનાથના સ્તવનમાં ધરમ ધરમ કરતા જગત ઉપર પ્રહાર છે અને ધરમજિનેશ્વરનું શરણ લઈ મુખ આગળ પ્રગટ જે પરમનિદાન છે, તેને જિનેશ્વરની જ્યોતિથી જોવાની ભલામણ છે.

૧૫. શ્રી શ્રેયાંસનાથના સ્તવનમાં ભાવ અધ્યાત્મ શું તેનો સ્પષ્ટ સંકેત છે.

૧૬. શ્રી શાંતિ નાથના સ્તવનમાં ‘શાંતિ’ તે કેમ મળે તે માટે ઉપયોગી સુચનો છે અને આત્માની ધન્યતા ગાઈ છે.

૧૭. શ્રી અરનાથ ભગવાનના સ્તવનમાં સ્વસમય, પરસમય સમજાવી દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ-દર્શન છે.

૧૮. શ્રી મલ્લિનાથ તીર્થંકર–સ્તવનમાં ૧૮ દોષરહિત તીર્થંકર દેવનું પૂર્ણસ્વરૂપ બતાવ્યું છે.

૧૯. શ્રી મુનિસુવ્રતસ્વામીના સ્તવનમાં ષડ્દર્શનોમાંથી તત્ત્વ ખેંચી સ્યાદ્‌વાદની સિદ્ધિ કરી છે.

૨૦. શ્રી કુંથનાથના સ્તવનમાં મનનું દુરાશયપણું બનાવી. મનજિત તીર્થંકરને વિનંતિ છે કે મારું મન સુધારી દો.

૨૧. શ્રી નમિનાથ સ્તવનમાં જૈનદર્શનના મહાસાગરમાં છ દર્શનની નદી મલે છે. જૈનદર્શનરૂપ ષડ્દર્શનો-રૂપ અંગ પૂર્ણિભાષ્ય, સુત્ર નિર્યુક્તિ કૃતિ પરંપરા અનુભવનો સ્વીકાર છે.

૨૨. શ્રી નેમીનાથ ભગવાનના સ્તવનમાં રાજુલ અને

તેમના વ્યવહારિક સબંધનું અધ્યાત્મિક સબંધમાં થયેલ રૂપાંતર છે.

૨૩. શ્રી પાર્શ્વપ્રભુના સ્તવનમાં અગુરૂણ વુગુણનું દર્શન છે.

૨૪. શ્રી વીર પ્રભુના સ્તવનમાં આત્મિક વીર્યના ઉલ્લાસ પૂર્વક આત્મામાંથી આનંદઘન પદ સર્જવાની યોજના છે.

શ્રી આનંદઘનજી અને ઉપાધ્યાય યશોવિજયજીના મિલન પ્રસંગે ઉપાધ્યાયજી અને આનંદઘનજીએ પરસ્પર સ્તુતિ રૂપ અષ્ટ પદીઓ લખી હતી. ઉપાધ્યાયજીનો કાળધર્મ ૧૯૪૭ માં લગભગ છે તે પહેલાં બંનેનું મિલન થયું હશે.

